# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

## પ્રથમ વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૭**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

*સૌજન્ય :* **અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર - વિધિ અને રહસ્ય

**( જીવરાશિ -૧૮ પાપ સ્થાનક કરેમિભંતે )**

## જીવરાશિ.

**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન - જીવરાશિ ખમાઉંજી ? ઈચ્છં.**

**સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય, સાત લાખ તેઉકાય, સાત લાખ વાઉકાય, દશ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ચઉદ લાખ સાધારણ વનસ્પતિકાય, બે લાખ બેઈંદ્રિય, બે લાખ તેઈંદ્રિય, બે લાખ ચઉરિંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી, ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય, ચઉદલાખ મનુષ્યના ભેદ, એવંકારે ચઉદ-રાજ ચોરાસી લક્ષ જીવાયોનિમાંહે, મ્હારે જીવે જિકો કોઈ જીવ દુહવ્યો હોય, દુહવાવ્યો હોય, દુહવતા પ્રત્યે અનુમોદ્યો હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.**

**અર્થ :-** આ જીવરાશિમાં કહેલી બધી મળીને ચોરાશી લાખ જીવની યોનિ છે. યોનિ- એટલે જીવને ઉત્પન્ન થવાનાં સ્થાનક. જીવને ઉપજવાના સ્થાનક તો તે કરતાં વધારે છે. પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવડે કરીને જેનાં સરખાં સ્થાનક હોય તે એક સ્થાનક ગણાય છે. તે પ્રમાણે ઉપરોક્ત ૮૪ લાખ

જીવયોનિમાંહે મારા જીવે જે કોઇ જીવ દુભવ્યો હોય, બીજા પાસે દુહરાવ્યો હોય, કોઇ દુભવતો હોય તેને અનુમતિ આપી હોય તે સર્વેને હું મન-વચન કાયાથી મિચ્છામિ દુક્કડં દઉં છું.

આ સૂત્રથી ચોર્યાશી લાખ જીવયોનિમાંથી કોઇ પણ જીવને ત્રિકરણ યોગે દુભવ્યો હોય તેનું મિથ્યાદુષ્કૃત દેવાય છે.

----

**ઈચ્છા કારેણ સંદિસ્સહ ભગવન્ ! અઢાર પાપસ્થાનક આલોવું જી ?**

## અઢાર પાપસ્થાનક

**ઈચ્છં ! પહેલે પ્રાણાતિપાત, બીજે મૃષાવાદ, ત્રીજે અદત્તાદાન, ચોથે મૈથુન, પાંચમે પરિગ્રહ, છઠ્ઠે ક્રોધ, સાતમે માન, આઠમે માયા, નવમે લોભ, દશમે રાગ, અગ્યારમે દ્વેષ, બારમે કલહ, તેરમે અભ્યાખ્યાન, ચૌદમે ચાડી, પન્નરમે રતિઅરતિ, સોલમે પરપરિવાદ, સત્તરમે માયામૃષાવાદ, અઢારમે મિથ્યાત્વશલ્ય, એ અઢારે પાપસ્થાનકમાંહે જિકો કોઈ પાપસ્થાનક મ્હારે જીવે સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવતાં પ્રત્યે અનુમોદ્યું હોય, તે સવિ હું મને, વચને, કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.**

શબ્દાર્થ :-

**પાપસ્થાનક :** પાપના સ્થાનો.
**પ્રાણાતિપાત :** પર જીવની હિંસા, કરવી.
**મૃષાવાદ :** અસત્ય બોલવું.
**અદત્તાદાન :** ચોરી કરવી.
**મૈથુન :** વિષયભોગ કરવો કે તેની ઇચ્છા કરવી.
**પરિગ્રહ :** ધન, ધાન્યાદિ ચીજ વસ્તુનો સંગ્રહ કરવો.
**ક્રોધ :** ગુસ્સો કરવો.
**માન :** અભિમાન-અહંકાર ક્રવો.
**માયા :** કપટ કરવું-અન્યને છેતરવું.
**લોભ :** તૃષ્ણા -અસંતોષ રાખવો.
**રાગ :** (પ્રીતિ) મોહ રાખવો.
**દ્વેષ :** (અપ્રીતિ-અરુચિ) તિરસ્કાર કરવો.
**કલહ :** કજીઓ કરવો.
**અભ્યાખ્યાન :** ખોટું આળ દેવું.
**ચાડી :** ચાડી ખાવી.
**રતિ :** સુખ આવે હર્ષ કરવો.
**અરતિ :** દુઃખ આવે શોક કરવો.
**પરપરિવાદ :** પારકી નિંદા કરવી.
**માયામૃષાવાદ :** કપટ સાથે જૂઠુ બોલી ઠગવું.
**મિથ્યાત્વશલ્ય :** કુદેવ, કુગુરુ, કુધર્મ, માનવાની ઇચ્છા કરવી.

**અર્થ :-** ૧. પરના પ્રાણનો નાશ, ૨ અસત્ય વચન બોલવું, ૩ પારકી વસ્તુ ધણીની રજા વિના લેવી, ૪ વિષય ભોગ કરવો કે તેની વાંચ્છા કરવી, ૫ ધન ધાન્યાદિ વસ્તુનો સંગ્રહ કરવો, ૬ ગુસ્સો કરવો, ૭ અહંકાર કરવો, ૮ કપટ કરી અન્યને છેતરવું, ૯ તૃષ્ણા રાખવી, ૧૦ પૌદ્‌ગલિક વસ્તુ ઉપર પ્રીતિ રાખવી, ૧૧ અણગમતી વસ્તુ ઉપર તિરસ્કાર કરવો, ૧૨ બીજા સાથે વિખવાદ કરવો, ૧૩ ખોટું આળ દેવું, ૧૪ પરના દોષની ચાડી ખાવી, ૧૫ સુખ-દુઃખ આવે હર્ષ-શોક કરવો, ૧૬ ગુણીનિર્ગુણીની નિંદા કરવી, ૧૭ કપટથી અસત્ય બોલી છળ કરી લોકોને ઠગવા, ૧૮ કુદેવ કુગુરુ કુધર્મ માનવાની સેવવાની ઇચ્છા કરવી; એ અઢાર પાપના સ્થાનોમાંથી કોઇ પણ મારા જીવે સેવ્યા હોય, બીજા પાસે સેવરાવ્યા હોય, કોઇ સેવતા હોય તેને સંમતિ આપી હોય, તે સર્વેને હું મન વચન, કાયાથી મિચ્છામિ દુક્કડં દઉં છું. ૧૮ પાપસ્થાનનાં ૧૬૨ ભાંગાથી દોષ લાગે છે. ૧૮ ને ત્રણથી કરણથી ગણી તેને ત્રણ યોગથી ગણવાથી ૧૬૨ ભાંગા થાય છે તે સૂત્રથી આલોવાય છે.

# કરેમિ ભંતે સૂત્ર.

**કરેમિ ભંતે ? સામાઈયં સાવજ્જં જોગં પચ્ચખ્ખામિ. જાવ નિયમં, પજ્જુવાસામિ, દુવિહં તિવિહેણં, મણેણં વાયાએ કાએણં, ન કરેમિ ન કારવેમિ, તસ્સ ભંતે ! પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.**

શબ્દાર્થ :–

**કરેમિ :** કરું છું

**ભંતે ! :** હે ભગવંત !

**સામાઈયં :** સામાયિકને

**સાવજ્જં :** પાપવાળા.

**જોગં :** યોગને –વ્યાપારને

**પચ્ચખ્ખામિ :** પચ્ચખ્ખાણ કરું છું– ત્યાગ કરું છું.

**જાવ :** જયાં સુધી.

**નિયમં :** નિયમને.

**પજ્જુવાસામિ :** પર્યુપાસના કરું, સેવું.

**દુવિહં :** બે પ્રકારે.

**તિવિહેણં :** ત્રણ પ્રકાર વડે.

**મણેણં :** મનવડે

**વાયાએ :** વચનવડે.

**કાએણં :** કાયાવડે.

**ન કરેમિ :** નહિ કરું.

**ન કારવેમિ :** નહિ કરાવું.

**તસ્સ :** તે પાપથી.

**ભંતે ! :** હે ભગવંત !

**પડિક્કમામિ :** હું પાછો ફરું છું.

**નિંદામિ :** હું મનથી નિંદુ છું. પશ્ચાત્તાપ કરું છું.

**ગરિહામિ :** ગુરુ સાક્ષીએ પ્રગટ પણે વિશેષે નિંદું છું.

**અપ્પાણં :** મારા આત્માને.

**વોસિરામિ :** વોસિરાવું છું, ત્યાગ કરું છું.

**અર્થ :–** હે ભગવંત ! હું સમતાના લાભરૂપ સામાચિક કરું છું, પાપવાળા વ્યાપારનો ત્યાગ કરું છું. હું જયાં સુધી (સામાચિકના) નિયમનું સેવન કરું છું ત્યાં સુધી બે પ્રકારના કરણ (કરવું, કરાવવું) અને ત્રણ પ્રકારના જોગવડે, મન, વચન, કાયાવડે કરું નહિ, કરાવું નહિ. (મનવડે કરું નહિ. મનવડે કરાવું નહિ, વચનવડે કરું નહિ, વચનવડે કરાવું નહિ, કાયાવડે કરું નહિ, કાયાવડે કરાવું નહિ, એમ છ પ્રકારથી) હે ભગવંત ! તે સબંધી (પૂર્વે કરેલા) પાપથી હું પાછો ફરું છું, હું મનથી તેનો પશ્ચાતાપ કરું છું, ગુરુસાક્ષીએ પ્રગટપણે વિશેષે કરીને નિંદું છું. મારા આત્માને પાપથી વોસિરાવું છું.

# શ્રાવક કોને કહીયે ?

## ૯ લજ્જાળુ

**લજ્જાલુઓ અકજ્જે,**

**વજ્જઈ દૂરેણ જેણ તણુયં પિ ।**

**આચરઈ સયાચારં,**

**ન મુયઈ અંગીકયં કહવિ ॥**

લજ્જાવાન ધર્મનો અધિકારી છે...

લજ્જા શ્રાવકનો નવમો ગુણ છે....

લજ્જાને ગુણ શા માટે કહ્યો ? કારણ ?

લજ્જાવાન સદા નિંદિત કાર્યથી દૂર રહે છે...

લજ્જાવાન સદા સદાચારનું આચરણ કરે છે...

લજ્જાવાન અંગીકાર કરેલા વ્રતને ક્યારે પણ મૂકતો નથી...

હા ! માટે લજ્જાવાન ધર્મ કરવા લાયક છે... યોગ્ય છે.

આ હિંદુસ્તાનમાં જ્યાં લજ્જાનો ગુણ ઘર... ઘરમાં અને ઘટ ઘટમાં વ્યાપેલો હતો ત્યાં સુધી હિંદના પુણ્યનો અને પવિત્રતાનો સૂર્ય પ્રખર તેજથી ઝગમગી રહ્યો હતો.

આવા વસ્ત્રોમાં વડિલો સન્મુખ કેમ જવાય ?

વડિલોની સામે બીડી કેમ પિવાય ?

વડિલોની સાથે આ વાત કેમ કરાય ?

જ્યાં લજ્જા હતી, ત્યાં મર્યાદાનું પાલન હતું. આજે પણ જ્યાં લજ્જા છે ત્યાં મર્યાદાનું પાલન છે.

પણ છેલ્લા કેટલાક સમયથી સમાજમાં એક પરિવર્તન આવ્યું. સ્ત્રી ભણતરના નામે ઘરમાંથી... ચાર દિવાલોમાંથી... બહાર નિકળી. ભણતરમાં આગળ વધેલી નારી... નોકરી-ધંધામાં જોડાઇ ગઇ... રાજકારણમાં રસ લેતી થઇ ગઇ... હવે તો એ પુરુષ સમોવડી બની ગઇ...

ધીમે ધીમે લજ્જા ઓછી થવા લાગી... એક એક મર્યાદા તુટવા લાગી... અને સમાજની જે પરિસ્થિતિ નિર્માણ થઇ તે આપણે નિહાળીએ છીએ. અનુભવી રહ્યા છીએ.

આજે બાપ-બેટો સાથે દારુ પીતા હોય છે...

પરિવારના બધા સદસ્ય સાથે ટી.વી. ઉપર આધુનિક ફિલ્મ નિહાળતા હોય છે...

બેટો બાપની સામે.... વહુ-દિકરી સાસુ અને માતાની સામે મનફાવે તેમ બોલતા હોય છે...

ગમે તેવા સ્થાને ગમે તેવા વસ્ત્રો પરિધાન કરાતા હોય છે.

આના પરિણામે ધર્મ તો દૂર રહ્યો અમારા સામાજીક અને સંસ્કારી જીવનના મહેલ તુટી પડ્યા. પાયમાલ થયા. ન જાણે કેટલા પરિવારો તુટ્યા... કેટલાયના જીવન ભાંગ્યા.

લજ્જાવાન, કુળવાન, ખાનદાન વ્યક્તિના મનમાં વિચાર આવે મારાથી આવું કાર્ય કેમ થાય? હું એમ કરીશ તો દુનિયાવાળા શું કહેશે ? સમાજનો... દુનિયાનો ડર પણ જીવોને ઘણા બધા અકાર્યોથી અટકાવે છે. સન્માર્ગે વાળે છે.

લજ્જામાં મર્યાદા છે... મર્યાદામાં આપણી સલામતી છે.

લજ્જા નથી ત્યાં મર્યાદા નથી... મર્યાદા નથી ત્યાં સલામતી નથી.

ધર્મના અધિકારી બનવા મર્યાદા જોઇએ...

મર્યાદા માટે લજ્જા જોઇએ, આપણા જીવનનું અંતર નિરીક્ષણ આપણને આપણો પરિચય કરાવશે કે આપણે ક્યાં છીએ ?

રામચંદ્રજીના પરમ ભક્ત હનુમાન...

સીતાજીને રોજ પગે લાગતા હનુમાન...

સુખ–દુઃખના રામચંદ્રજીના સાથીદાર હનુમાન...

આવા હનુમાનને સીતાજી કેવા છે ? એમના અલંકાર કેવા છે ? એની ખબર નથી. આ હતી આર્યભૂમિની લજ્જા અને મર્યાદા.

આજ આર્યક્ષેત્રમાં જન્મ પામેલા પુણ્યવાન આત્માઓ આજે ક્યા માર્ગે જઇ રહ્યા છે ? એની એમની પાસે જાણકારી નથી.

લજ્જા સર્વ સદ્ગુણોની માતા છે. માતા વિના જેમ પુત્ર ન જ હોય તેમ લજ્જા વિના જીવનમાં સદ્ગુણોની પ્રાપ્તિ ક્યારેય સંભવિત બની શકતી નથી.

ઘણીવાર પ્રશ્ન કરવામાં આવે છે– '' કોકની શરમ રાખી સદાચારનું સેવન કરનાર અને દુરાચારથી દૂર રહેનાર આવતી કાલે એની ગેરહાજરીમાં જરૂર સદાચારને છોડશે અને દૂરાચારને શું નહીં આચરે ?''

ના ! આવું નથી નાનું બાળક પ્રથમ ભયથી અકાર્યને ટાળે છે... પછી લાલચથી સત્કાર્ય તરફ વળે છે.... અંતે સાચી સમજણ આવતાં સ્વયંમેવ અકાર્યને ત્યાગી સત્કાર્ય કરવા કટિબદ્ધ બને છે.

એવી રીતે કુમાર કે યુવાન અવસ્થા પ્રાપ્ત વ્યકિત જયારે વડિલોના... સમાજના કે સજ્જનોના, ગુરુજનોના શરમથી, લજ્જાથી અકાર્યથી અટકે છે તો ધીમે ધીમે એ રીતે જીવન જીવવાની આદત થઇ જાય છે. સદાચારના પંથથી ટેવાઇ જાય છે. તેથી જીવન બરબાદ થતું અટકી જાય છે.... જીવન નંદનવન જેવું બની જાય છે.

વર્ષો જુની વાત છે....

એક હતા ચમત્કારી બાબા...

હાથમાં એક મંડળ લઇ ગામોગામ ફરે. જયાં ગમે ત્યાં સજ્જન... ધાર્મિક વ્યક્તિનાઘરે રોકાઇ જાય... ઇચ્છા થાય ત્યાં સુધી રહે. મન થાય તો બીજા ગામે ચાલ્યા જાય.

ફરતા ફરતા બાબા એક ગૃહસ્થને ત્યાં પધાર્યા. ગૃહસ્થને ઘણો જ આનંદ થયો સસન્માન બાબાને ઘરમાં રાખ્યા. ૮–૧૦ દિવસ રહીને સંતે વિદાય માંગી. પતિ–પત્નીએ હિતોપદેશ એવં આશીર્વાદ માંગ્યા. ચમત્કારી બાબા એ બન્ને સાથે આવતાં કહ્યું – ''મનુષ્ય બનો'' અને આટલું બોલતા બાબા બીજા ગામે જતા રહ્યા.

ભોળા પતિ–પત્ની બાબાની કહેલી વાત વિચારવા લાગ્યા. બાવાજી આપણને ''મનુષ્ય બનવાનું કહી ગયા, તો શું આપણે મનુષ્ય નથી? આપણે શું પશુ છીએ ? પંખી છીએ ? ભૂત છીએ? રાક્ષસ છીએ ? ''બન્ને જણાએ ઘણું વિચાર્યું છતાં એમને કશુંજ ન સમજાયું અંતે બન્નેએ નક્કી કર્યું હવે ક્યારેય બાવાજી મળશે અથવા આવશે ત્યારે એમને અર્થ પુછી લઇશું.

વર્ષો વીત્યા... ફરી પાછા સંત પધાર્યા થોડા દિવસ રોકાયા ફરી વાર મનુષ્ય બનો એમ કહી ચાલતા થયા.

વર્ષો પૂર્વે બનેલી ઘટના પણ દંપતિને યાદ આવી ગઇ અને તેઓ બાવાજી પાછળ દોડ્યા બાવાજી પાસે પહોંચતા એમણે પ્રશ્ન કર્યો – 'બાવાજી ! આજે તમે અમને બીજીવાર મનુષ્ય બનો કહીને ગયા. શું અમે મનુષ્ય નથી ? તમારી વાત અમને સમજાતી નથી.''

આવેલા દંપતિને પોતાના હાથમાં રહેલું કમંડળ આપીને બાવાજીએ કહ્યું – ''આમાં પાણી નાખજો અને પછી તમારૂં મોઢું એમાં જોશો તો

તમને બધું જ સમજાઇ જશે''

દંપતિ કમંડલ સ્વીકારી ઘર તરફ પાછા ફર્યા.. જલ્દીથી ઘરમાં પહોંચી કમંડલમાં પાણી નાખી પતિએ પત્નીના પ્રતિબિંબને જોવાનો પ્રયાસ કર્યો. ત્યાં પત્નીના પ્રતિબિંબને જોતા જોર જોરથી હસવા લાગ્યો... કેવી છે આ જીવની હાલત ? એ બીજા કેવા છે એજ જોવા ઉતાવળો બને છે. પોતાને જોવાનું ભુલી જાય છે. જોર જોરથી હસતા પતિદેવને જોઇ અત્યંત અકળાયેલી પત્નીએ કમંડળ પતિ પાસેથી લઇ એમાં પતિના પ્રતિબિંબને જોવા લાગી. નજર કમંડળમાં પડતાં જ એ પણ દાંત કાઢી હસવા લાગી.

પતિએ કહ્યું– ''કેમ હસે છે ?''

પત્નીએ કહ્યું– '' કમંડલમાં તમે ગધેડા જેવા દેખાવ છો.''

ત્યાં પતિદેવ કહે છે – ''જો ... જો તું તો એમાં કુતરી દેખાય છે.''

કાશ! આપણને કોઇ સંત આવું કમંડળ આપે તો આપણને ખબર પડે આપણે કેવા છીએ ?

માનવ જીવનને પામ્યા છતાં વિષય વાસનાના ઉકેરડા ઉપર આળોટતા આપણે ગધેડા જેવા તો નથી ને ? રોટલીના ટુકડા માટે પુછડી પટપટાવી ઘેલા બનતા કુતરા–કુતરી જેવા તો નથી ને ?

અનાદિ કાળથી ન જાણે આવા કેવા કેવા સંસ્કાર આપણા હૃદય પટલ ઉપર અંકીત થયેલા છે ? આવા કુસંસ્કારોને જ્યારે કુનિમિત્તોનો સાથ મળે છે અને જ્યારે જીવ નિર્લજ્જ બને છે ત્યારે એનું પતન થયા વિના રહેતું નથી.

દુનિયામાં કુનિમિત્તો આપણી ચારે બાજુ વેરાયેલા છે... અનાદિ કાળથી વિષય–વાસનાના કુસંસ્કારો આત્મામાં પડેલા છે. શું આ પંચમ કાળમાં... કળિયુગમાં પણ તમારે તમારી જાતને બચાવવી છે ? કુમાર્ગથી બચાવનારું અને સ્વયંને સન્માર્ગમાં સ્થિર કરનારું એક માત્ર ઔષધ કહો... જડીબુટ્ટી કહો... કે રામબાણ ઇલાજ કહો એ છે લજ્જા!

લજ્જાનો સ્વામિ સ્વયંમેવ વિષયવાસનાની ગુલામીમાંથી મુક્ત બની સદ્દ્ગુણોના સંસ્કારોને મજબૂત કરી સાચા ધર્મને પામવાની લાયકાતને પ્રાપ્ત કરે છે.

## ૧૦ દયાળુ

પાનામાં પાનું ભળે અને પુસ્તક બને...
મોતીમાં મોતી મળે અને માળા બને...
ઇંટ ઉપર ઇંટ ચઢે અને મહેલ બને....

બસ એજ રીતે ગુણમાં ગુણ ઉમેરાય અને શ્રાવક જીવન બને...

આવા શ્રાવકના ગુણોનો પરિચય કરતાં આપણે આજે દશમાં ગુણને જાણવાનો છે... એના લાભ સમજીને એના સ્વીકાર દ્વારા શ્રાવક જીવનના શણગારમાં વૃદ્ધિ કરવાની છે.

**મૂલં ધમ્મસ્ય દયા**
**તયણુગયં સવ્વ મેવ ણુટ્ઠાણં,**
**સિદ્ધં જિણિંદસમએ**
**મગ્ગિજ્જઈ તે ણિહ દયાલૂ ।।**

દયા એ ધર્મનું મૂળ છે...

અને દયાને અનુકૂળ જ સઘળું અનુષ્ઠાન જિનેન્દ્રના સિદ્ધાંતમાં કહેલ છે. તેથી જ આ સ્થળે દયાળૂપણું માગ્યું છે.

આચારાગં સૂત્રમાં કહ્યું છે કે – ''હું કહું છું કે જે તીર્થંકર ભગવાન થઇ ગયા... જે હાલ પ્રવર્તે છે અને આવતા કાળમાં થશે તે બધા આ રીતે કહે છે... બોલે છે... જણાવે છે તથા વર્ણવે છે કે '' સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્વને હણવું નહિં, તેમનાપર હકુમત ચલાવવી નહિ, તેમને

કબજે કરવા નહિ, તેઓને મારી નાખવા નહિ, અને તેઓને હેરાન કરવા નહિ.' આવો પવિત્ર અને નિત્ય ધર્મ લોકના દુઃખને જાણનાર ભગવાને બતાવ્યો છે.

આ દયાના રક્ષણઅર્થે જ તો અન્ય વ્રતો બતાવ્યા છે.

દયાના ભાવ સાથે યતના પૂર્વક ચાલવાથી, યતનાપૂર્વક ઉભા રહેવાથી, યતનાપૂર્વક બેસવાથી, યતનાપૂર્વક શયન કરવાથી તેમજ યતનાપૂર્વક ખાવાથી અને યતનાપૂર્વક બોલવાથી પાપકર્મનો બંધ થતો નથી.

અન્ય અજૈનો પણ કહે છે કે–

**ન સા દીક્ષા, ન સા ભિક્ષા,**
**ન તં દાનં, ન તં તપઃ ।**
**નતં જ્ઞાનં, ન તં ધ્યાનં,**
**દયા યત્ર ન વિદ્યતે ॥**

એવી કોઇ દીક્ષા નથી... એવી ભિક્ષા નથી...

એવું કોઇ દાન નથી... એવું કોઇ તપ નથી...

એવું કોઇ જ્ઞાન નથી... એવું કોઇ ધ્યાન નથી..

જેમાં દયાનો વાસ ન હોય...

ધર્મના અધિકારી તરીકે દયાળુ કહ્યો છે કારણ કે તેવો પુરુષ થોડી પણ જીવ હિંસાના દારૂણ વિપાક જાણીને જીવ હિંસામાં પ્રવર્તતો નથી. હિંસાના ભયંકર વિપાકને જણાવી દયાના મીઠા પરિણામનું મુલ્ય સમજાવતી ''યશોધરા ચરિત્ર''ની કથા જાણવા જેવી છે.

ઉજ્જયિની નગરી...

અમરચંદ્ર રાજા યશોધરા રાણી...

સુરેન્દ્રદત્ત રાજકુમાર... નયનાવલી ધર્મપત્ની.

એકદા અમરચંદ્ર રાજવીએ રાજયનો ભાર સુરેન્દ્રદત્તને સોંપી આત્મ કલ્યાણને કરનારી ભગવતી દીક્ષા અંગીકાર કરી.

સુરેંન્દ્રદત્ત સારી રીતે રાજ્ય કારભાર સંભાળી રહ્યા છે. એક દિવસ સારસિકા નામની દાસીએ રાજાના મસ્તકે સફેદવાળ જોઇને કહ્યું–

''ધર્મનો દૂત આવ્યો છે.''

રાજા યૌવન અને જીવનની અસ્થિરતા – અનિત્યતા વિચારવા લાગ્યો. અત્યંત વૈરાગ્ય પામી પિતાના પગલે ચાલવા ઉદ્યમવંત બન્યા. રાજાએ ગુણધરકુમારને રાજગાદિ સોંપી પૂર્વ પુરૂષોએ આચરેલું શ્રમણપણું અંગીકાર કરું એમ ચિંતવ્યું.

રાજાએ વાત રાણીને જણાવી રાણીએ કયું– '' હે નાથ ! તમને રૂચે તે કરો, હું તેમાં વિઘ્ન નથી કરતી. કિન્તુ હું પણ આર્યપુત્રની સાથે જ દીક્ષા લઇશ કારણ કે ચંદ્ર વિના તેની ચંદ્રિકા શી રીતે રહી શકે ?''

રાજા વિચારવા લાગ્યા કે રાણીને મારા ઉપર અત્યંત પ્રેમ છે તે મારા વિરહને સહન નહીં કરી શકે.

દિવસ અસ્ત પામ્યો. રાજા સંસારના સ્વરૂપની વિચારણા કરતાં શય્યા ઉપર પડ્યા પણ ઉંઘ આવી નહીં.

રાણીને થયું રાજા ઉંઘી ગયા છે. તે શય્યામાંથી ઉઠી બહાર નીકળી. રાજાને થયું વિરહ સહન ન થવાથી તે કદાચ મરવા જતી હશે. રાજા તલવાર લઇને પાછળ ગયા શું થાય છે તે જોવા લાગ્યા. રાણીએ જઇને મહેલની રક્ષા કરતા કૂબડા નોકરને ઉઠાડ્યો.. તેની સાથે અયોગ્ય ચેષ્ટા કરવા લાગી. રાજાને અત્યંત ક્રોધ આવ્યો તલવારથી બન્નેને મારી નાંખવા તૈયાર થયો પણ ફરી પંચેન્દ્રિયના ઘાતના વિચારથી પાછા હઠી પોતાના સ્થાને ગયા અને સંસારની તથા સ્ત્રીની વિચિત્રતા ચિંતવવા લાગ્યા.

પ્રભાતે ઉઠીને રાજાએ મંત્રીશ્વરને પોતાનો અભિપ્રાય જણાવ્યો. મંત્રીશ્વરે વિનંતિ કરી– ''હે દેવ ! જ્યાં સુધી હજી ગુણધરકુમાર કવચ ધરનાર નથી થયો ત્યાં સુધી આ પ્રજાને તમારે પોતે જ પાળવી જોઇએ.''

મંત્રીશ્વરની વાત સાંભળી રાજાએ કહ્યું – ''અમારા કુળમાં પળિત દેખાયા પછી ઘરવાસમાં રહેલ યાદ છે ?''

મંત્રીએ કહ્યું– ''હે દેવ ! તેમ તો કોઇએ નથી કર્યું''

દિવસ પૂરો થયો. રાતના રાજાએ સ્વપ્ન જોયું– જાણે કે સાત ભૂમિવાળા મહેલની ઉપર સિંહાસન પર તે બેઠેલો છે, તેને પ્રતિકૂળ બોલનારી માતાએ નીચે પાડ્યો. ત્યાં તે તથા તેની માતા પડતા પડતા હેઠ પહેલી ભૂમિપર આવી પહોંચ્યા. છતાં તે ઉઠીને પાછો જેમ તેમ કરી તે મેરુ પર્વત જેવા મહેલની ટોચે ચઢ્યા.

રાજાની ઉંઘ ઉડી ગઇ... સ્વપ્નના ફળનું ચિંતવન કરવા લાગ્યા... કાંઇક ભયંકર બનવાના ભણકારા વાગવા લાગ્યા... છતાં પરિણામ સારૂં છે... એમ વિચારવા લાગ્યા...

પ્રભાત કૃત્ય કરી રાજા રાજસભામાં બિરાજમાન થયા. ત્યાં રાજમાતા યશોધરા પધાર્યા. રાજા ઉઠીને સામે ગયા. માતાએ પુત્રની કુશળતા પૂછી. રાજાએ માતા પસાયે કુશળતા જણાવી.

રાજાએ માતાના અભિપ્રાયને જાણવા અને માતા પાસેથી અનુમતિ મેળવવા માતાને કહ્યું– ''હે માતા ! મેં એવું સ્વપ્ન જોયું કે હું ગુણધરકુમારને રાજ્ય આપીને પ્રવ્રજિત થયો છું. ''આગળ રાજાએ જણાવ્યું ''પછી મેં સ્વપ્નમાં જોયું કે હું ધવળગૃહથી પડી ગયો.''

માતા તે સાંભળી ભયભીત થઇ તરત ડાબા પગે જમીન દબાવી થુકારો કર્યો. અને બોલ્યા– ''આ સ્વપ્નનો વિઘાત કરવા માટે કુમારને રાજ્ય આપી તું શ્રમણધર્મ સ્વીકાર કર.''

રાજાએ કહ્યું – ''માતાની આજ્ઞા કબૂલ છે.''

યશોધરા માતા બોલ્યા– ''તું પડી ગયો તેની શાંતિ માટે ઘણા પશુ પંખી મારીને કુળ દેવતાની પૂજા કરી શાંતિકર્મ કરશું ''

રાજાએ કહ્યું ''હાય... હાય માતાજી આ શું કહો છો ? શાંતિ ધર્મથી થાય છે. હિંસાથી નહીં અને ધર્મનું મૂળ તો દયા છે... અભયદાનથી મોટો ધર્મ આ પૃથ્વીતલ ઉપર નથી.'

માતા–પુત્ર વચ્ચે હિંસા–અહિંસાના નામે વાદ–વિવાદ થયો.... રાજા મનમાં વિચારવા લાગ્યા... કે '' એક બાજુ માતાનું વચન લોપાય છે અને બીજી બાજુ જીવહિંસા થાયછે. અહીં મારે શું કરવું ?''

ગુરુજનનો વચનભંગ ન થાય અને વ્રતભંગ પણ ન થાય એવો એકજ માર્ગ દેખાયો તે હતો– પ્રાણત્યાગ.. રાજાએ મ્યાનમાંથી તલવાર ખેંચી... ચારે તરફ હાહાકાર મચી ગયો... માતાએ રાજાનો હાથ પકડી લીધો અને કહ્યું– ''વત્સ ! શું તારી પાછળ હું જીવતી રહીશ ? આવું પગલું ભરતા તને માતૃવધનું જ પાપ લાગશે.

એટલામાં કૂકડોબોલ્યો.

માતાએ કૂકડાનો અવાજ સાંભળી રાજાને કહ્યું– ''હે વત્સ ! તું આ કૂકડાને માર કારણ એવો કલ્પ છે કે આવું કામ કરતાં જેનો શબ્દ સાંભળવામાં આવે તેને અથવા તેના પ્રતિબિંબને મારીને પોતાનું ઇચ્છિત કરવું.''

રાજાએ પોતાના જીવદયા ધર્મમાં અચલ રહ્યા અને કહ્યું– ''હે માતા, હું મન, વચન, કાયાથી કોઇ જીવને મારનાર નથી.''

ત્યારે માતાએ કહ્યું– ''હે વત્સ ! જો એમજ છે તો તું લોટના બનાવેલા કુકડાને માર .''

માતાની મમતા અને મોહ આગળ પુત્રના વિવેક ચક્ષુ બિડાઇ ગયા અને પુત્ર માતાનું વચન માન્ય કરવા તૈયાર થયો.

રાજાની આજ્ઞાથી કલાકારોએ લોટનો કુકડો બનાવ્યો.

માતાએ પુત્ર પાસેથી તલવારથી કુળદેવતા સમક્ષ એ કૂકડો મરાવ્યો. અને કુળદેવતાને પ્રાર્થના કરી – ''હે માતાજી ! આ કૂકડાથી તુષ્ટ થઇને મારા પુત્રના કુસ્વપ્નને હણનારી થા.

પછી માતાએ પુત્રને તેનું માંસ ખાવા જણાવ્યું.

પુત્ર કહે છે– ''હે માતા ! વિષ ખાવું સારું પણ નરકના દ્વાર ખોલનાર એવા ઘણા ત્રસ જીવોની ઉત્પતિવાળું દુર્ગંધ અને અતિ બીભત્સ માંસ ખાવું સારું નહિ.''

યશોધરા માતાએ અત્યંત આગ્રહ કરવાથી રાજાએ લોટમય કૂકડાનું માંસ ખાધું.

બીજા દિવસે પુત્રનો રાજ્યાભિષેક કરી રાજા દિક્ષા લેવા તૈયાર થયો. ત્યારે પત્નીએ કહ્યું– ''હે આર્યપુત્ર આજનો દિવસ પુત્રને થયેલ રાજ્યપ્રાપ્તિનો આનંદમાણી પછી હું પણ દિક્ષા લઇશ. તેથી એક દિવસ રોકાઇ જાવ.''

રાજાએ મનમાં વિચારવા લાગ્યો વચન અને આચારમાં જેના વિરોધાભાસ દેખાય છે તે સ્ત્રી શું કરશે ? તે જાણવા માટે રાજન્ એક દિવસ રોકાઇ ગયા. બીજી તરફ રાણી વિચારવા લાગ્યા. ''જો હું રાજા પાછળ પ્રવજ્યા નહિં લઉં તો મારા ઉપર મહાન કલંક રહેશે; પરંતુ જો કોઇ રીતે રાજાને મારી નાખીશ તો બાળપુત્રના લાલન અર્થે રાજા પાછળ નહિ મરું તો તે દોષ નહિં ગણાય. માટે આવું કાંઇક કરું.''

આ જીવ સંસારના સુખો પાછળ કેવો પાગલ છે ? આવા સુખોને મેળવવા અને ટકાવવા પરમેશ્વર જેવા મનાતા પતિને મારી નાખવા તૈયાર થાય છે. પંચેદ્રિય માનવીનો ઘાત કરવા પ્રયત્નશીલ બને છે. હૃદયમાંથી દયા–કરૂણાને હાંકી કાઢી હૃદયને અત્યંત કઠોર બનાવે છે. પત્થર દિલ જ માનવીની હત્યા કરી શકે છે.

આવા કઠોર દિલ રાણીએ રાજાના ભોજનમાં વિષ ભેળવ્યું. રાજન વિષપ્રયોગને સમજી ગયા. તરત વિષ ઉતારનારા વૈદ્યોને તેડાવ્યા. રાણી વિચારવા લાગ્યા વૈદ્યો સમયસર આવી જશે તો આખી બાજી ઉંધી વળી જશે... તેથી રાણી શોકનું પ્રદર્શન કરતાં ધબ  દઇને રાજા ઉપર પડી અને રાજાના ગળે અંગુઠો દબાવીને રાજાને મારી નાખ્યો.

રાજા આર્તધ્યાનમાં આયુષ્ય પૂર્ણ કરી તિર્યંચગતિમાં ભમવા લાગ્યો..

રાજા અને માતા કૂકડાના વધના ભાવથી લોટના કૂકડાને હત્યાના કારણે મોર–કૂતરો, ખણ–સર્પ, મત્સ–શિશુમાર, ઘેટો–બકરી, પાડી, અને કૂકડાના ભવમાં ભમ્યા.

હે જીવ ! તારે ભવભ્રમણ ટાળવું હોય... ભવપાર જવું હોય તો સર્વ પ્રકારની જીવહિંસાનો ત્યાગ કર. જીવદયાને અંતરમાં ધારણ કર.

કૂકડાના ભવમાં પુણ્યયોગે મુનિ દર્શન અને મુનિવાણીનો યોગ પ્રાપ્ત થયો. પોતાના ભવભ્રમણની વાત સાંભળી જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઇ. શ્રાવક ધર્મનો યથાશક્તિ સ્વીકાર કરી હર્ષથી નાચવા લાગ્યો. આવાજ કરવા લાગ્યો.

ગુણધર રાજકુમારે સ્વરવેધી છું તે જણાવા શબ્દની દિશામાં તીર માર્યો કૂકડો વિંધાયો. આયુષ્ય પૂર્ણ કરી ગુણધરની પત્ની જયાવળીના ગર્ભમા પુત્ર રૂપે ઉત્પન્ન થયો. અને યશોધરાનો જીવ પુત્રીપણે ઉત્પન્ન થયો.

ગર્ભના પ્રભાવથી જયાવળીને જિન પ્રવચન સાંભળવાની ઇચ્છા જાગી... અભયદાન આપવાની ભાવનાઓ થવા લાગી... બધા જીવોને અભયદાન

આપવાના દોહદ ઉત્પન્ન થયો. ગુણધર રાજાએ નગરમાં અમારિ પડહ વગડાવીને તે પૂર્ણ કર્યો.

પુત્ર-પુત્રી યુગલનો જન્મ થતાં રાજાએ મહોત્સવ મનાવ્યો. રાજાએ એમનું નામ અભય અને અભયમતી રાખ્યું.

જ્ઞાની મુનિ ભગવંતના સાનિધ્યે પૂર્વભવ જાણી... જાતિસ્મરણજ્ઞાન પામી સંયમનો સ્વીકાર કર્યો... શુદ્ધ સંયમ આરાધી દેવલોકમાં ગયા.

દેવલોકમાંથી ફરી મનુષ્યભવ પામી સંયમની સાધના કરી સર્વ ઘાતી કર્મનો ક્ષય કરી કૈવલ્યને પામ્યા. મોક્ષ નગરીમાં બિરાજમાન થયા.

કેવો અનોખો મહિમા છે દયાનો ? અને કેવા ભયાનક છે ક્રુર અને કઠોર ભાવોના અને હિંસાના પરિણામ ?

અનાદિથી આપણે અજ્ઞાનતાથી હિંસાના પરિણામમાં ખોવાયેલા છિએ. હિંસાથી સતત જીવના પરિણામ કલુષિત બનતા જાય છે. આત્મા કર્મ બંધનથી ભારે બનતો જાયછે. જેના પરિણામ સ્વરૂપ ચાર ગતિ અને ચોર્યાશીલાખ જીવાયોનિમાં આપણે ભટકી રહ્યા છીએ.

જયાં સુધી કઠોરતા ટળે નહિં ત્યાં સુધી કોમળતા મળે નહિં. હિંસાના ભાવ ભાગે નહિં ત્યાં સુધી દયાનો ગુણ જાગે નહીં... જીવનમાં ધર્મરત્નને પામવા દયાભાવનું પ્રગટી કરણ અત્યંત આવશ્યક છે. દયાથી જ દિવ્યતા અને ભવ્યતાની પ્રાપ્તિ થાય છે.

જયાં પાણી છે... જમીન ભીની છે ત્યાં હરીયાળી પોતાની મેળે છવાઇ જાયછે. બસ ! એવી જ રીતે જયાં જિનવાણી છે ત્યાં હૃદયમાં ભીનાશ આવે છે. ત્યાં સર્વ પ્રકારની હરીયાળી... સુખ-શાંતિ સ્વયંમેવ ફેલાય છે. જયાં અંતરમાં ભીનાશ નથી... દયાના ભાવ નથી ત્યાં ક્રુરતા અને કઠોરતા હરયાળીને કચડી નાખતી હોય છે. ત્યાં બધું જ વેરાન થઇ જાયછે....

વિચારી લેજો... આવી તક ફરી નહીં મળે...

કઠોરતા અને ક્રુરતાની અનાદિની દોસ્તીનો અંત લાવવા આવો ભવ ફરી નહીં મળે. ધર્મના પાન કરી જાતને સમજાવવા કટિબદ્ધ બનો. કઠોરતાને ક્રુરતા સાથેનો નાતો તોડી દયા સાથે નાતો જોડી દો. જીવન જીવવા લાયક બનશે. જીવન ધન્ય બની જશે. અનાદિના ખોટી રીતે ગણાતા ખોટા દાખલાઓ સાચી રીતે ગણવાનો સાચો સમય બારણે આવી પહોંચ્યો છે. હવે વિલંબ કરો મા. જીવ ! આ અવસરને જીવનમાં આવકારી લે. આનંદ... આનંદથી વધાવી લે. દયાનો જયારે અંતરમાં વાસ થશે ત્યારે જીવનમાં પરમાનંદ છવાઇ જશે. રોમ-રોમમાં આનંદની છોળો ઉછળશે અને જીવનની સાચી ધન્યતા અનુભવવા મળશે. લંબાવી દે દોસ્તીનો હાથ દયા સાથે પછી જોઇલે એના સુખદ પરિણામ.

આલોકમાં સુખ... મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્ગતિ.

### આઠ પ્રકારની દયા :-

દયાના વિવિધ અપેક્ષાએ અને શુદ્ધિના આધારે આઠ પ્રકાર બતાવવામાં આવ્યા છે-

**૧. દ્રવ્યદયા-** જયણા સહિત જીવરક્ષા પૂર્વકની પ્રવૃત્તિ તે દ્રવ્ય દયા છે.

**૨. ભાવદયા-** અન્ય જીવો પ્રત્યે તેના આત્મીય ગુણ સ્વરૂપ જ્ઞાનાદિના યોગક્ષેમના વિચારપૂર્વક આચરણ તે ભાવદયા છે.

**૩. સ્વદયા-** કષાયાદિ ભાવશસ્ત્રોથી આત્મસ્વરૂપ કે ગુણોનો ઘાત થવા ન દેવો તે સ્વદયા છે.

**૪. પરદયા-** બીજાની દ્રવ્યથી કે ભાવથી દયા કરવી તે પરદયા છે. સ્વદયા ચૂકીને કરાતી પરદયા શાસ્ત્રસંમત નથી.

**૫. સ્વરૂપદયા–** પુદ્ગલ સુખાર્થે દેખાદેખીથી કરાતી જીવદયા. તે સ્વરૂપદયાછે. દેખવામાં જ દયાછે, પણ સ્વપરના કલ્યાણ કે હિત તરફ દુર્લક્ષ્ય હોય તે ભાવહિંસા જાણવી.

**૬. અનુબંધદયા–** શુભ આશયથી પ્રવૃત્તિ કરવા છતાં અનિવાર્ય રીતે જીવોની જે હિંસા થાય તે અનુબંધ દયા છે.

**૭. વ્યવહાર દયા–** વિધિમાર્ગાનુયાયી સર્વ ક્રિયા ઉપયોગપૂર્વક કરે– જીવદયા પાળે છે તે વ્યવહાર દયા છે.

**૮. નિશ્ચયદયા–** શુદ્ધ સાધ્ય ઉપયોગમાં એકત્વ ભાવનું સ્થિર થવું તે નિશ્ચયદયા છે.

આવા પ્રકારે દયાના વિવિધ ભાવોને જાણીને સમજીને આપણે નિશ્ચયદયામાં પહોંચવા સાચો પુરુષાર્થ આદરીયે તે અત્યંત આવશ્યક છે. એજ સાચો ધર્મનો મર્મ છે.

## ૧૧ મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ

''દયા ધરમ કા મૂલ હૈ '' આ ઉક્તિ મુજબ ધર્મી જીવ દયાળુ હોવો જોઇએ. કઠોર હૈયાનો માનવી ક્યારે સાચા ધર્મને જીવનમાં આચરી શકતો નથી. ધર્મ એ બીજું કાંઇ જ નથી પણ સાચી દયાનું શુદ્ધ આચરણ છે. આ સત્યને જાણી શ્રાવકના ગુણોના પરિચયમાં આગળ વધી અગ્યારમાં ગુણમાં શાસ્ત્રકાર મહર્ષિ શું કહી રહ્યા છે એને સમજવા યત્કિંચિત્ત પ્રયત્ન કરીશું.

**મજ્ઝત્થ સોમદિટ્ઠો**
**ધમ્મવિચારં જહટ્ઠિયં સુણઇ,**
**કુણઇ ગુણ સંપઓગં**
**દોસે દૂરં પરિચ્ચયઇ ॥**

ધર્મ કરવા માટે હૈયામાં દયા તો જોઇએ જ પણ એની સાથે સાથે એક અનોખી વાત જણાવતાં કહે છે દૃષ્ટિમાં મધ્યસ્થતા અને સૌમ્યતા જોઇએ.

મધ્યસ્થ અને સૌમ્ય દ્રષ્ટિવાળો સાધક ખરા ધર્મ વિચારને સાંભળી શકે છે અને ગુણોના સાથે જોડાઇને દોષોને દૂર તજી શકે છે.

એથી શ્રાવક બનાવાની યોગ્યતા પ્રાપ્ત કરવા પ્રત્યેક વ્યકિતએ મધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિને મેળવવી જોઇએ... કેળવવી પણ જોઇએ.

મધ્યસ્થ એટલે ?

મધ્યસ્થ એટલે શું આ પ્રશ્ન મનમાં જાગવો સાહજીક છે. એથી જ ધર્મરત્ન પ્રકરણની ટીકામાં આ પ્રશ્નનો જવાબ આપતાં વિવેચનકાર ફરમાવે છે કે –

મધ્યસ્થા કચિંદ્ દર્શને
પક્ષપાતવિકલા સૌમ્યાચ પ્રદ્વેષાભાવદ્દૃષ્ટિ
દર્શનં યસ્ય સ માધ્યસ્થ સૌમ્યદ્રષ્ટિઃ
સર્વત્રા રક્તાદ્વિષ્ટ ઇત્યર્થઃ

અર્થાત્ મધ્યસ્થ એટલે કોઇ પણ દર્શનમાં પક્ષપાત રહિત અને પ્રદ્વેષ નહિં હોવાથી સૌમ્ય એવી દૃષ્ટિ એટલે દેખવાની નજર જેની હોય તે મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ કહેવાય– અર્થાત્ જે સર્વ સ્થળે રાગદ્વેષ રહિત હોય તે મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિ ગણવો.

આવી દૃષ્ટિવાળો વ્યક્તિ અનેક પાખંડિઓની મંડળીઓનો મંડપમાં ઉપસ્થિત થએલ ધર્મરૂપી માલના સ્વરૂપને તે યથાવસ્થિતપણે એટલે કે સગુણને સગુણપણે ... નિર્ગુણને નિર્ગુણપણે... અલ્પગુણને અલ્પગુણ પણે અને બહુગુણને બહુગુણ પણે સોનાની પરીક્ષામાં કુશળ હોઇ ખરા સોનાને ગ્રહણ કરનાર પુરુષની જેમ ઓળખી કાઢે છે.

આજના સમયમાં આ દૃષ્ટિની નિતાંત આવશ્યકતા છે કારણ આજે કાગડા વધારે છે... કોયલ ઓછી છે...

બગલા ઘણા છે... હંસ અલ્પ છે...

સાચા હિરા વિરલા છે... ખોટા હિરા ઘણા છે...

રત્ન અલ્પ છે... કાંકરા ઘણા છે...

સાચા સંત અતિ ઓછા છે... નકલી પાર વિનાના છે...

પાખંડી વધતા જાય છે. સાચી માધ્યસ્થ અને સૌમ્ય દૃષ્ટિ વિના સાચાને ઓળખવા ઘણું જ મુશ્કેલ છે. ''હિરા મુખસે ના કહે લાખ હમારા મૂલ(મુલ્ય).'' એ મુજબ સારી સાચી વ્યક્તિઓ ક્યારેય પોતાના મોઢે પોતાના વખાણ કરતી નથી. જ્યારે ખોટાઓ બનાવટી... નકલી... બની બેઠેલા ''મોટા માણસો'' પ્રચારના કોઇ માધ્યમને કે કોઇ તકને છોડતા નથી. છોડવા તૈયાર નથી. આવા સમયે જેની પાસે મધ્યસ્થ દૃષ્ટિ નથી તે સૌમ્ય દૃષ્ટિને કેવી રીતે પામી શકે ? અર્થાત્ ન જ પામી શકે.

આવા સમયે જેને મોક્ષ સાધના કરવી છે એના માટે માર્ગ પામવો અને સદ્ગુરુ પામવા અત્યંત કઠિન છે.

નવા નવા પંથો અને ધર્મો વધી રહ્યા છે. મોક્ષનો સાચો ઇચ્છુક મુમુક્ષુ જીવ વધારે ને વધારે મુંઝાઇ રહ્યો છે. એનું એક માત્ર કારણ છે– એની પાસે પરિક્ષા કરીને સત્યને તારવી કાઢવાની મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિ નથી.

હંસની ચાંચમાં એવો મહાન ગુણ છે કે એની પાસે દુધ–પાણી ભેગા કરી મુકવામાં આવે તોએ ખીર અને નીર ને જુદા કરી શકે છે.

સાચા ઝવેરીની સામે સાચા હિરા અને કાંચના ટુકડા મુકવામાં આવે તો એ પોતાની આગવી સુઝબુઝથી સાચા હિરાને દૂર તારવી શકે છે. કારણ....? સાચા હિરાને પારખવાની દ્રષ્ટિ એની પાસે છે.

સોનીની પાસે કંચનના ટુકડાઓ સાથે પિત્તલના ચમકતા ટુકડાઓ લઇ જવામાં આવે તો એ પોતાના કસોટીના પત્થર ઉપર ઘસીને સોના અને પિત્તળને અલગ પાડી દે છે.

તેવી જ રીતે આજના કલિકાળમાં જેની પાસે સાચા ધર્મને તથા સાચા ધર્મીને... સદ્ગુરુ અને કુગુરુને ઓળખવાની અજબ–ગજબની શક્તિનથી... મધ્યસ્થ દૃષ્ટિ નથી તે સાચા માર્ગને પામી શકવા સમર્થ બનતો નથી... સાચા ગુરુ અને ધર્મને પામ્યા વિના માર્ગભ્રષ્ટ થઇ જાય છે. ભટકી પડે છે.

લાકડામાં અગ્નિ છે...

પણ તે માટે દીવાસળી જોઇશે.

થોડું ઘાસલેટ જોઇશે.

ઘાસલેટનું પોતું લઇ અને પછી લાકડું સળગાવીએ તો અગ્નિ પ્રકટ થયા વિના ન રહે.

પૃથ્વીમાં અનાજ છે...

પણ તે માટે પૃથ્વીને ખેડવી પડશે...

ખાતર નાખવું પડશે...

બી લાવીને રોપવા પડશે...

પાણી પાવું પડશે...

આટલાવાનાં ભેગાં થાય એટલે અનાજ તૈયાર થાય.

દૂધમાં ઘી છે...

પણ તે માટે દૂધને મેળવવું જોઇએ.

દહીની છાશ કરવી જોઇએ.

માખણ કાઢવું જોઇએ.

માણખને તાવવું જોઇએ.

ત્યારે જ ઘી થાય.

કપાસમાં કપડા છે...

પણ તે માટે કપાસને જીનિંગમાં લોઢવો જોઇએ.

રૂની ગાંસડીઓ બનાવવી જોઇએ.

ગાંસડીઓ મીલમાં મોકલવી જોઇએ..

રૂ માંથી સૂતર બનાવવું જોઇએ.

પછી સૂતર શાળ ઉપર વણવું જોઇએ.

ત્યારે જ કપડું તૈયાર થાય છે.

તેવી જ રીતે આપણા હૃદયમાં જ ભગવાન છે...

પણ ભક્તિ અને પરમાર્થ વિના તે ઝટપટ ન જ મળે. મહેનત અને પુરુષાર્થ જોઇએ. સદ્ગુરુનું માર્ગદર્શન જોઇએ.

કડવું પણ સાચું અને સારું ઓસડ દેવાય અને પથ્ય પળાવાય તો દરદ દફે થઇ જાય. અત્યારે તો ઉંટવૈદની જેમ આચાર્યો, મહંતો ગુરુઓ વગેરેનો રાફડો ફાટ્યો છે. પણ જેમ હળદરને ગાંઠિયે ગાંધી ન થવાય કે થોડું જાણે તો ઉંટવૈદ જ થવાય, તેમ લેભાગું ગુરુઓથી દી ન વળે એથી મોક્ષ પ્રાપ્તિ ન જ થાય.

આવી મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિ કે જે સત્યને ઓળખી શકે... સમજી શકે, તેવી બુદ્ધિવાળો જ સાચા ધર્મને પામી અને આચરી શકે છે એમ સોમવસુ બ્રાહ્મણના જીવનથી જાણી શકાય છે.

કૌશાંબી નામે નગરી હતી...

ત્યાં સોમવસુ નામે જન્મથી અતિ દરિદ્ર બ્રાહ્મણ વસતો હતો. ધર્મ શ્રદ્ધાળુ હતો પણ જ્યાં જ્યાં હાથ નાખે ત્યાં નિષ્ફળતા મળવાથી તે ધીરે ધીરે ધર્મ શ્રદ્ધા ગુમાવવા લાગ્યો. એક દિવસ ધર્મફળ સાંભળતા એણે ધર્મપાઠક પાસેથી સાંભળ્યું કે દેવગણને પૂજ્ય એવું ઇન્દ્રપણું... ઘણા સુખ–ભોગની સામગ્રીવાળું ચક્રવર્તિપણું બળદેવપણું... વાસુદેવપણું... જગતને ચમત્કાર પમાડનાર પદવીઓ, ચતુરંગી સેનાઓ... લક્ષ્મી વિગેરે... વધારે શું કહીએ ઇન્દ્રો પણ જેને નમે છે એવું મહાસુખમય અરિહંતપણું આ બધું જ ધર્મરૂપ કલ્પવૃક્ષનું ફળ છે.''

આ વાત સાભંળી સોમવસુ બ્રાહ્મણે કહ્યું– ''હે ધર્મગુરુ ! આપની વાત સત્ય છે... અત્યંત સત્ય છે પણ કૃપા કરીને મને જણાવો કે આવો ધર્મ કોના પાસેથી લેવો ?

ધર્મ શાસ્ત્ર પાઠકે સોમવસુ બ્રાહ્મણને જવાબ આપતાં કહ્યું – ''હે ભદ્ર ! મીઠું ખાવું, સુખે સુવું અને પોતાને લોકપ્રિય કરવો એ ત્રણ પદને જ બરાબર જાણતો હોય અને પાળતો હોય તેની પાસેથી તારે ધર્મ લેવો, જેથી તું ભદ્રપદ પામીશ.''

ધર્મપાઠકના કથનને સાંભળી સોમવસુએ કહ્યું– ''આ પદોનો અર્થ શું ?''

ધર્મ પાઠકે કહ્યું– ''એનો અર્થ... પરમાર્થ તો જે નિર્મળ બુદ્ધિવાળો હોય તેજ જાણે છે.''

હવે શુદ્ધ ધર્મને પામવાની જિજ્ઞાસાથી સર્વ દર્શનિકોને પૂછતો– પૂછતો સોમવસુ ભિક્ષા સમયે એક ગામમાં પહોંચ્યો.

ત્યાં એક સંન્યાસીની કૂટિરમાં પહોંચ્યો. ત્યાં એનો અતિથિ બન્યો. થોડીવારમાં સંન્યાસી ભિક્ષા માટે ગયો. ભિક્ષા લઇ આવ્યો. બન્ને જણાએ ભિક્ષા વાપરી પછી નવરાશની પળોમાં બન્ને ધર્મચર્ચા કરવા લાગ્યા... ત્યારે સોમવસુ બ્રાહ્મણે ધર્મનું તત્ત્વ પૂછતાં સંન્યાસીએ જણાવ્યું– ''સોમ નામના ગુરુના અમે બે શિષ્ય છીએ યશ અને સુયશ. ગુરુએ અમને ''મીઠુ ખાવું, સુખે સૂવું અને લોકપ્રિય બનવું.'' એવું તત્વ ઉપદેશ્યું છે.પણ અમારા ગુરુદેવ એના અર્થને સમજાવ્યાવગર પરલોકવાસી થયા છે. તેથી હું મારી બુદ્ધિથી એનો અર્થ કરી ગુરુવચનની આરાધના કરું છું. ''

સોમવસુએ ફરી પૂછ્યું– ''આપ એ પદોનો કેવો અર્થ કરોછો ?

સંન્યાસી બોલ્યા– ''હે ભદ્ર ! નગર જનોને મંત્ર ઔષધિ બતાવું છું. તેથી લોકો મને ભિક્ષામાં મિષ્ટાન આપે છે તે ખાઉં છું અને આમઢીમાં સુખ

પૂર્વક સૂવું છું.

સંન્યાસીની વાત સાંભળી સોમવસુ બ્રાહ્મણ પોતાની મધ્યસ્થ અને સૌમ્ય દષ્ટિથી વિચારવા લાગ્યો કે આ તો ગુરુના કહેલા વચનનો કેવળ બાહ્ય અર્થ જ સમજયો છે. એના રહસ્યને પામ્યો જ નથી. કારણ ગુરુનો આવો અભિપ્રાય હોય જ નહિ.

એમ વિચારી આ સંનયાસીના ગુરુભાઇ ક્યાં વસે છે તે એમની પાસેથી જાણી ત્યાં તત્વ જિજ્ઞાસાથી ગયો. ત્યાં ધર્મચર્ચા કરતા સુયશ સન્યાસીએ " મિષ્ટાન ખાવું, સુખે સુવું અને લોકપ્રિય થવું." એવું ગુરુવચન જણાવ્યું સુયશ સન્યાસીને ગુરુ વચનના અર્થને પૂછતાં એણે કહ્યું – "હે ભદ્રે હું એકાંતરે જમું છું તેથી મને ભોજન મીઠું લાગે છે. ધ્યાન અને અધ્યયનમાં પ્રશાંત રહી જયાં ત્યાં સુખે સુઇ જાવું છું. અને નિરહ રહેવાથી લોકપ્રિય રહ્યો છું. એવી રીતે ગુરુવચન પાળું છું."

મધ્યસ્થ અને સૌમ્યદ્રષ્ટિના સ્વામિ સોમવસુ બ્રાહ્મણ વિચારી રહ્યો છે. "પહેલા કરતાં આ સારો છે, છતાં ગુરુવચન હજી અતિ ગંભીર લાગે છે. માટે તેનો અભિપ્રાય કોણ જાણી શકે ?

એમ વિચારણા કરતો તે બ્રાહ્મણ પાટલિપુત્ર નગરમાં આવ્યો. ત્યાં શાસ્ત્રના પરમાર્થને જાણનાર, જૈન સિદ્ધાંતમાં કુશળ ત્રિલોચન નામના પંડિતના ઘરનો અત્યંત આદર્શ વ્યવહાર જોઇને અવસરે એમની પાસે પહોંચ્યો ત્યાં જઇને ત્રિલોચન પંડિતના ચરણસ્પર્શ કરીને કહ્યું– "હે મહાપંડિત હું દીક્ષા લેવા ઇચ્છું છું, તેથી કૃપા કરી મને કહો કે મારે કોની પાસે દીક્ષા લેવી ?"

ત્યારે મહાપંડિતે કહ્યું– " મીઠું ખાવું, સુખે સુવું અને લોકપ્રિય થવું." એવા ત્રણ પદ બોલતો હોય અને પાળતો હોય તેની પાસે દીક્ષા લેજે."

જવાબ સાંભળી સોમવસુએ ફરી પ્રશ્ન કર્યો– "મહાપંડિતજી આપના જણાવેલા પદોનો પરમાર્થ શું છે ?"

પંડિત મહાયશે કહ્યું– "હે ભદ્ર ! જે પોતાને માટે પોતે નહિ કરેલું, બીજા પાસેથી નહિ કરાવેલું, તેમજ તેને ઉદ્દ્શીને પણ નહિ કરવામાં આવેલું એવું વિશુદ્ધ આહાર પાણી મણી–મંત્ર મૂળ તથા ઔષધિના પ્રયોગ કર્યા વિના મધુકરની વૃત્તિએ લઇ કરીને રાગદ્વેષ રહિત પણે વાપરે તે આ જગત્માં પરમાર્થે મીઠું ખાય છે."

"જે સકળ માનસિક ચિંતાઓ છોડી સારા ધ્યાન અને સંયમમાં ઉદ્યમવંત રહી ગુરુની અનુજ્ઞાથી વિધિએ કરીને રાતે સૂવે તે સુખે સુવે છે."

"તેમજ જે ધન, ધાન્ય, સોના રૂપા રત્ન ચતુષ્પદ વગેરે તમામ દ્રવ્યોમાં હંમેશા નિસ્પૃહ રહે તેજ લોકપ્રિય થાય છે."

એ સાંભળીને ત્રીલોચનને સોમવસુ કહેવા લાગ્યો– "હે પરમાર્થના જાણ તમને મારો નમસ્કાર હો."

ત્યારે ત્રિલોચન બોલ્યો– "હે ભદ્ર ! હું તો એમ કહું છું કે તું સુલક્ષણ છે. કારણ કે મધ્યસ્થ રહીને તું ખરો ધર્મ વિચારીને જોઇ શકે છે.."

ત્યાંથી પંડિતની રજા લઇ સોમવસુ બ્રાહ્મણ સદ્ગુરુની શોધમાં નિકળે છે. ત્યાં પ્રાશુક આહાર શોધતા... યુગમાત્ર રાખેલી નજરે ચાલતા જૈન શ્રમણો જોયા. હર્ષિત થઇ પોતાના મનોરથ પૂર્ણ થયા એમ માની એમની પાછળ ચાલતા ઉદ્યાનમાં બિરાજમાન સુઘોષ ગુરુને વંદન કરી ત્રણ પદોનો પરમાર્થ પૂછ્યો. એમણે મહાપંડિતને જણાવેલ અર્થ જ કહ્યો.

પ્રથમ પદનું પાલન કરતા મુનિને એણે નજરે નિહાળ્યા હતા. હવે અન્ય પદોના પાલનને જાણવા સોમવસુ ત્યાંજ રાત રહ્યો.

રાત થતાં આવશ્યકાદિક કરીને પોરિસી ભણાવી, આચાર્ય ભગવંતની રજા લઇ આગમની

વિધિએ મુનિઓ સુતા એટલે બીજા પદનું પાલન નિહાળ્યું.

ત્યાં તો આચાર્ય ભગવંત જાગ્યા. તેમણે ઉપયુક્ત થઇ વૈશ્રમણ નામનું અધ્યયન પરાવર્તન કરવા માંડ્યું; એટલે કુબેર દેવતાનું આસન ચલાયમાન થતાં તત્કાળ ત્યાં હાજર થયો. વૈશ્રમણ એકાગ્ર ચિત્તે તે અધ્યયન સાંભળવા લાગ્યો. આચાર્ય ભગવંતે ધ્યાન પૂર્ણ કરતાં વૈશ્રમણ ચરણે નમી કહેવા લાગ્યો જે જોઇએ તે માગો. ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું કે તને ધર્મનો લાભ થાઓ.

ગુરુમુખે ધર્મલાભ સ્વીકારી, દેદીપ્યમાન, મનોહર રૂપવાન તે કુબેર અતિહર્ષિત મનથી ગુરુના પગે નમીને સ્વસ્થાને ગયો.

ગુરુ ભગવંતની નિસ્પૃહતા જોઇ અત્યંત હર્ષિત થયેલા સોમવસુ બ્રાહ્મણે પોતાનો સકળ વૃત્તાંત ગુરુ આગળ કહીને સુઘોષ ગુરુપાસે સંયમ સ્વીકારી... સુંદરઆરાધના કરી સદ્ગતિને પામ્યો.

કેવી અજબ-ગજબની શક્તિ છે મધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિમાં !

ક્યારે મળશે આપણને આવી દૃષ્ટિ ?

ક્યારે તરી જઇશું આ સંસાર ?

# જીવ-વિચાર

નારકી તિર્યંચ અને મનુષ્યના ભેદ જાણ્યા પછી હવે દેવગતિને પામેલા દેવ પણ કેવા જુદા જુદા ભેદ ધરાવે છે તે જાણવા જેવું છે.

**दस हा भवणा ऽ हिवई अट्ठ-विहा वाणमंतरा हुंति ।**
**जोइसिया पंच-विहा दु-विहा वेमाणिया देवा ।।२४।।**

ભવનપતિ દસ પ્રકારના, વ્યંતરો આઠ પ્રકારના જ્યોતિષ્કના પાંચ પ્રકારના તથા વૈમાનિક દેવો બે પ્રકારના છે.

ભવનમાં રહેવાવાળા દેવ ભવનપતિના નામે ઓળખાય છે.

આ દેવો દેખાવમાં કુમાર જેવો હોવાથી એમના નામ પછી કુમાર શબ્દ જોડાય છે.

આ દેવો રમતીયાળ, સુંદર, આનંદી અને શોખીન દેવો છે.. રત્નપ્રભા નામની પ્રથમ નારક પૃથ્વીના એક લાખ એંસીહજાર યોજન જાડા થરમાં ઉપર અને નીચેના એક એક હજાર યોજન છોડતા વચ્ચેના પૃથ્વીમાં બાર આંતરામાં એમના ભવનમાં રહે છે.

ભવનપતિઓના આવાસોથી ઉપર રત્નપ્રભા નારકીના ઉપરના એક હજાર યોજનના પૃથ્વી પ્રતરમાંથી ઉપર-નીચે સો સો યોજન છોડી દેતા વચ્ચેના આઠસો યોજનમાં વ્યંતર દેવો રહે છે.

વ્યંતરના બે પ્રકારના અર્થ થાય છે. વ્યંતર એટલે અંતર વિનાના અથવા વિવિધ પ્રકારના અંતરવાળા.

વ્યંતર દેવોની ઉપરના ૧૦૦ યોજના રત્નપ્રભા નારકીના પૃથ્વીમાં ઉપર અને નીચે દસદસ યોજન છોડતાં વચ્ચેના એંસી યોજનામાં આઠ વાણ વ્યંતર રહે છે.

વનમાં ફરવાથી અને રહેવાથી તેઓ વાનવ્યંતર કહેવાય છે.

આપણી પૃથ્વીથી (સમભૂતલાથી ) ૭૯૦ યોજન ઉપર તારાના વિમાનો છે. સમભૂતલાથી ૮૦૦ યોજન ઉપર સૂર્યના વિમાન છે સમભૂતલથી ૮૮૦ યોજન ઉપર ચંદ્રના વિમાન છે. સમભૂતલાથી ૮૮૪ યોજન ઉપર નક્ષત્રના વિમાન

છે સમભૂતલાથી ૯૦૦ યોજન ઉપર ગ્રહોના વિમાનો છે.

અઢીદ્વિપમાં જ્યોતિષ્કના સર્વ વિમાનો મેરૂ પર્વતની પ્રદિક્ષણા કરતા આજુબાજુ ફરે છે. ફરતા હોવાથી ચર કહેવાય છે. અઢીદ્વિપની બહાર જ્યોતિષ્ક ચક્રના વિમાનો સ્થિર હોય છે.

વિચિત્ર પ્રકારના માપવાળા વિમાનમાં ઉત્પન્ન થતાં દેવો વૈમાનિક કહેવાય છે. આ વૈમાનિક દેવો બે પ્રકારના છે – ૧. કલ્પોપન્ન. અને ૨. કલ્પાતીત.

જેમ મનુષ્યલોકમાં સામાજીક વ્યવસ્થા છે તેમ કેટલાક દેવલોકમાં પણ રાજા દેવ, નોકરદેવ, વગેરે વ્યવસ્થા હોય છે... તે વ્યવસ્થાવાળા દેવ તે કલ્પોપન્ન દેવ અને એવી વ્યવસ્થા વિનાના દેવ તે કલ્પાતીત દેવ કહેવાય છે. પરમાત્મા તીર્થંકરોના કલ્યાણકોમાં મહોત્સવાદિ કરવાનો આચાર કલ્પોપન્ન દેવોનો છે.

નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર એ કલ્પાતીત છે બાકીના બધા દેવો કલ્પોપન્ન છે.

દેવોના રાજા ઇન્દ્રના નામે ઓળખાય છે. બધા મળીને કુલ ચોસઠ ઇન્દ્ર છેગણાત્રી નીચે મુજબ છે–

૧૦ ભવનપતિના ૨૦ ઇન્દ્ર (દરેકના બે–બે)
૮ વ્યંતરના ૧૬ ઇન્દ્ર (દરેકના બે–બે)
૮ વાણવ્યંતરના ૧૬ ઇન્દ્ર (દરેકના બે–બે)
૧૦ જ્યોતિષ્કના ૨ ઇન્દ્ર (ચંદ્ર અને સૂર્ય)
૧૨ વૈમાનિકના ૧૦ ઇન્દ્ર = **કુલ ...૬૪ ઇન્દ્ર**

બધા મળીને દેવોના ૯૯ ભેદ નીચે મુજબ થાય છે–

૮ વ્યંતર, ૮ વાનવ્યંતર, ૧૦ ભવનપતિ, ૧૫ પરમાધામી, ૧૦ તિર્યંગજૃંભક, ૧૦ જ્યોતિષ્ક, ૩ કિલ્બીષિક, ૧૨ વૈમાનિક, ૯ લોકાંતિક, ૯ ગ્રેવેયક, અને ૫ અનુત્તર, = કુલ... ૯૯

આ નવ્વાણું ભેદના પર્યાપ્ત અને અપર્યાપ્ત એમ ભેદ પાડતાં કુલ એકસો અઠ્ઠાણું (૧૯૮) ભેદ થાય છે.

દેવો બધા પ્રર્યાપ્ત જ છે. પણ જ્યાં સુધી તેઓએ પ્રર્યાપ્તિ પુરી નથી કરી ત્યાં સુધી તે અપર્યાપ્ત ગણાય છે. સ્વયોગ્ય પર્યાપ્તિ પુરી કર્યા બાદ તે જ દેવ પર્યાપ્ત કહેવાય છે.

**દેવલોકના નામો :–**

દેવગતિને પામેલો જીવ પણ ભિન્ન પુણ્યના કારણે ભિન્ન ભિન્ન સ્થાને જાય છે. દેવોને રહેવાના સ્થાન ઉપર પણ છે. તેમજ જમીનના નીચેના ભાગમાં પણ છે. ઉપર રહેનારા દેવો ઉચ્ચ પુણ્યબળવાળા હોય છે. જ્યારે નીચેના ભાગમાં રહેનારા દેવો અલ્પ પુણ્યવાળા હોય છે.

નીચેના ભાગમાં રહેનારા દેવોના મુખ્ય પાંચ પ્રકાર છે.

**(૧) ભવનપતિ–** ભવનમાં રહેનારા ભવનપતિ દેવોના દસ પ્રકાર છે.
(૧) અસુરકુમાર (૨) નાગકુમાર
(૩) સુવર્ણકુમર (૪) વિદ્યુતકુમાર
(૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર
(૭) ઉદધિકુમાર (૮) દિશિકુમાર
(૯) પવનકુમાર (૧૦) સ્તનિતકુમાર

**(૨) પરમધામી –** નરકના જીવોને વિવિધ દુઃખ દેનારા પરમાધામી દેવોના પંદર પ્રકાર છે.
(૧) અંબ (૨) અંબરીય (૩) શ્યામ (૪) શબસ (૫) રૂદ્ર (૬) ઉપરૂદ્ર (૭) કાળ (૮) મહાકાળ (૯) અસીપમ (૧૦) વન (૧૧) કુંભી (૧૨) વાલુકા (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોસ.

**(૩) વ્યંતર–** પરમાત્માના સમવસરણાદિની રચના કરનાર તથા કૌતુકપ્રિય એવા વ્યંતર દેવોના આઠ પ્રકાર છે.

(૧) પિશાચ (૨) ભૂત (૩) યક્ષ (૪) રાક્ષસ (૫) કિન્નર (૬) કિંપુરુષ (૭) મહોરગ અને (૮) ગંધર્વ.

**(૪) વાણવ્યંતર :–** શાપ આપવાના, ઝગડો કરવાના, હેરાન કરવાના તેમજ સારૂ પણ કરવાના સ્વભાવ અને શક્તિવાળા આ વ્યંતરદેવોના પણ આઠ પ્રકાર હોય છે.

(૧) અણપન્ની (૨) પણન્ની (૩) ઇસિવાદી (૪) ભૂતવાદી (૫) કંદિત (૬) મહાકંદિત (૭) કોહંડ અને (૮) પતંગ

**(૫) તિર્યંગજૃંભક :–** તીર્થંકરાદિ પુણ્યવાનોને ત્યાં ધનધાન્યાદિ વસ્તુઓ આપવાવાળા આ દેવો દસ પ્રકારના છે :– (૧) અન્નજૃંભગા (૨) પાનજૃંભગા (૩) વસ્ત્રજૃંભગા (૪) ઘરજૃંભગા (૫) પુષ્પજૃંભગા (૬) ફુળજૃંભગા (૭) પુષ્ફફળજૃંભગા (૮) શયનજૃંભગા (૯) વિદ્યા જંભગા(૧૦) અવિયતજૃંભગા આ જાતિના દેવો જે જે ભવનમાં રહે છે. તે તે ભવન પણ એજ દેવલોકના નામથી ઓળખાય છે. એટલે દેવલોકના નામ પણ ઉપર મુજબ જાણવા.

જમીનના ઉપરના ભાગમાં રહેનારા દેવોના મુખ્ય છ પ્રકાર છે :–

**(૧) જ્યોતિષી :–** જયોતીષી દેવોના ચર અને સ્થિર એમ બે વિભાગ છે અને પ્રત્યેક નીચે જણાવ્યા મુબજ પાંચ પાંચ પ્રકાર છે.

(૧) સૂર્ય (૨) ચંદ્ર (૩) ગ્રહ (૪) નક્ષત્ર અને (૫) તારા

**(૨) વૈમાનિક :–** આ દેવોના બાર પ્રકાર છે :– (૧) સૌધર્મ (૨) ઇશાન (૩) સનતકુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક.(૭) મહાશુક્ર (૮) સહસ્ત્રાર (૯) આનત (૧૦)પ્રાણત. (૧૧) આરણ અને (૧૨) અચ્યુત.

**(૩) લોકાંતિક :–** પ્રભુના દિક્ષા સમયે પ્રભુને તીર્થ પ્રવર્તાવવાની વિનંતી કરતા આ લોકાંતિક દેવ નવ પ્રકારના છે.

(૧) સારસ્વત (૨) આદિત્ય (૩) વન્હિ (૪) અરૂણ (૫) ગર્દતોય (૬) તુષિત (૭) અવ્યાબાધ (૮) મરૂત તથા (૯) અરિષ્ટ.

**(૪) કિલ્બિષિય :–** સામાન્ય ભાષામાં કહિએ તો ચંડાલ જાતિના દેવ કિલ્બિષિયા દેવોના ત્રણ પ્રકાર છે :–

(૧) પ્રથમ પ્રકારના કિલ્બિષિયા પહેલા અને બીજા દેવલોકની નીચે હોય છે. (૨) બીજા પ્રકારના કિલ્બિષિયા ત્રીજા દેવલોકની નીચે રહે છે. (૩) ત્રીજા પ્રકારના કિલ્બિષિયા છઠ્ઠા દેવલોકની નીચે હોય છે.

**(૫) ગ્રૈવેયક :–** ગ્રૈવેયક દેવો નવ પ્રકારના છે.– (૧) સુદર્શન (૨) સુપ્રતિબદ્ધ (૩) મનોરમ (૪) સર્વતોભદ્ર (૫) સુવિશાસ (૬) સુમનસ (૭) સૌમનસ (૮) પ્રિયંકર અને (૯) નંદિકર.

**(૬) અનુત્તર :–** અનુત્તર દેવોના પાંચ પ્રકાર છે–

(૧) વિજય (૨) વૈજયંત (૩) જયંત (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ.

ઉપરોક્ત બધા દેવોની ક્રમસર વધુને વધુ રિદ્ધિ–સિદ્ધિ હોય છે. પણ એમને મોક્ષમાં જવું હોય તો ફરી માનવ બનવું જ પડે છે. માનવભવ વિના મુક્તિ નથી. શું આજ માનવભવની મહાનતા નથી?

# નવતત્વ... (સંવર તત્વ)

અનાદિ કર્મબંધના નિમિત્તોથી ઘેરાયેલો જીવ કેવા કેવા કર્મ ઉપાર્જન કરે છે ? એના કારણે કેવા કેવા ફળો ભોગવી કેવા દુઃખ –દુર્ગતિનો ભોગ બને છે ? એ તો આપણે સંસારમાં નજરે નિહાળી રહ્યા છીએ. છતાં આવા ચિત્ર–વિચિત્ર કર્મ અને એના નિમિત્તોથી બચવાના ભાવ કેમ જાગતા નથી ? આવા નિમિત્તોને દૂર કરવામાં જીવ કેમ પાછો પડે છે ?

કારણ એક જ દેખાય છે– સંવર તત્વનું અજ્ઞાન.

સંવર તત્વનું અજ્ઞાન આત્માને વિકાસ કરતાં અટકાવે છે. આશ્રવની શરણાગતિ સહેલી છે... અનાદિ કાળથી જીવે આચરેલી છે. જયારે સંવરની શરણાગતિ ઘણીજ અઘરી છે.. સખત પરિશ્રમ માગી લે છે. સંસારના અને કર્મના પ્રવાહમાં વહેતા રહેવું સર્વ જીવો માટે સહજ છે... આવી પ્રવૃત્તિ જીવ કરતો આવ્યો છે. એ માટેના સંસ્કાર મજબૂત છે. કર્મના સામા પ્રવાહે ચાલવું... ઉભા રહેવું .... સ્થિર રહેવું પણ કઠીન છે. તો પછી એ દિશામાં દોડવાની તો વાત જ ક્યાં ?

ગત અભ્યાસમાં સંવરના કેટલાક ભેદો જાણ્યા પછી આપણે હવે આગળના ભેદો જાણવા પ્રયાસ કરીએ. જાણી... સમજી... સ્વીકારી આત્મકલ્યાણ કરીએ. કારણ પ્રભુ મહાવીરસ્વામિને ગૌતમસ્વામિએ પૂછ્યું– ''પ્રભુ ! જ્ઞાનનું ફળ શું?''

પ્રભુએ કહ્યું – ''જ્ઞાનનું ફળ કર્મથી અટકવારૂપ વિરતિ જ છે.''

''જયાં સંવરનો સ્વીકાર છે... ત્યાં આશ્રવથી વિરામ છે.'' જાણી સંવરથી જીવન સુધારીએ.

**खंती मद्दव अज्जव, मुत्ती तव संजमे अ बोधव्वे ।**
**संचं सोअं अकिंचणं च बंभच जइ धम्मो ।।२९।।**

ક્ષમા, નમ્રતા, સરલતા, નિરાળાપણું, (મુક્તિ), તપશ્ચર્યા, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનપણું અને બ્રહ્મચર્ય અને યતિ ધર્મ જાણવો.

આત્મામાં ઠરવું... આત્માના જ્ઞાયક ભાવમાં સ્થિર થવું તે સાચી વીતરાગતા છે તેજ સાચો ધર્મ છે. આ ધર્મ અહિં યતિધર્મના નામે દસ પ્રકારનો કહ્યો છે.

**(૧) ક્ષમા–** ક્રોધ કષાયનોઅભાવ તે ક્ષમા.
આ ક્ષમા પાંચ પ્રકારે છે :–

(૧) ઉપકાર ક્ષમાઃ– આપણો એક સમયનો ઉપકારી વ્યક્તિ આપણી સામે કટુ વચનાદિનો પ્રયોગ કરે આપણને અહિતકર–નુકસાનકારી પ્રવૃત્તિ કરે તોપણ એના પૂર્વના ઉપકારને સ્મરણમાં રાખી સહનશીલતા જાળવી–ક્ષમા ધારણ કરવી તે ઉપકાર ક્ષમા. (૨) અપકાર ક્ષમા :– બળવાન વ્યક્તિ આપણું નુકસાન કરે છતાં જો ક્રોધ કરીશ તો આ મને વધારે હેરાન કરશે... વધારે નુકસાન કરશે... એમ જાણી ક્ષમા ધારણ કરવી તે અપકાર ક્ષમા. (૩) વિપાક ક્ષમા :– ક્રોધ કરવા જેવો નથી. ક્રોધ કરવાથી એના કડવા ફળ ભોગવવા પડે છે. કર્મ બંધાય છે એમ જાણીને ક્રોધના નિમિત્તમાં પણ ક્રોધ ન કરતાં ક્ષમા ધારણ કરવી તે વિપાક ક્ષમા છે. (૪) વચન ક્ષમા :– પરમાત્માએ શાસ્ત્રોમાં સાધુ એવં શ્રાવકને ક્ષમા ધારણ કરવાનું કહ્યું છે. આગમ વચન માનવું જોઇએ. એમ જાણી ક્ષમા ધારણ કરવી તે વચન ક્ષમા છે. (પ) ધર્મ ક્ષમા

:– ક્ષમા એ આત્માનો ગુણ છે... આત્માનો સ્વભાવ છે... આત્માનો ધર્મ છે... એમ જાણીને ક્રોધને ત્યાગી ક્ષમા ધારણ કરવી તે ધર્મ ક્ષમા છે.

**(૨) માર્દવ :–** જાતિમદ, કુળમદ વગેરે આઠ પ્રકારના મદનો એટલે જ અહંકારનો અભાવ તે માર્દવ છે. માર્દવ એટલે નમ્રતા. નિરાભિમાન પણું. જયારે માન કષાય શાંત થાય ત્યારે જ માર્દવ–નમ્રતાનો ધર્મ પ્રગટે છે.

**(૩)આર્જવ :–** માયા કષાયમાંથી મુક્તિ અથવા માયા–કપટનો અભાવ તે આર્જવ છે. આર્જવ સરળતા અને નિષ્કપટતામય છે.

**(૪) મુક્તિ :–** લોભ કષાયમાંથી મુક્તિ અથવા લોભ કષાયનો અભાવ તે નિર્લોભીપણું તે ''મુક્તિ'' છે.

**(૫) તપ :–** ઇચ્છાઓનો રોધ.. ઇચ્છાઓને રોકવી તે તપ છે. તપ બાર પ્રકારે છે એનો સંવર અને નિર્જરા બન્નેમાં સમાવેશ થાય છે.

**(૬) સંયમ :–** હિંસાદિ અશુભ પ્રવૃત્તિથી આંશિક અથવા સર્વથા નિવૃત્તિ તે સંયમ છે. સાધુનો સંયમ ૧૭ પ્રકારે છે. પાંચ મહાવ્રત, પાંચ ઇન્દ્રિયનિગ્રહ, ચાર કષાય જય અને મન–વચન–કાયા અશુભ પ્રવૃત્તિથી નિવૃત્તિ.

**(૭) સત્ય :–** સત્ય, હિત, મિત, નિર્દોષ, નિર્વદ્ય, મધુર, વચન બોલવા તે સત્ય ધર્મ છે.

**(૮) શૌચ :–** શૌચ એટલે પવિત્રતા, આ પવિત્રતા મન–વચન–કાયા અને આત્માનીછે. અષ્ટ પ્રવચન માતાના પાલનથી, સત્ય મહાવ્રત પાલનથી. રાગ–દ્વેષ ત્યાગના લક્ષ્યથી તથા બાહ્ય–અભ્યંતર તપથી સાધુ–સાધ્વીજી ભગવંત શૌચ ધર્મનું પાલન કરે છે.

**(૯) અકિંચન્ય :–** કોઇ પણ પ્રકારનો પરિગ્રહ ન રાખવો તથા પરિગ્રહ ઉપર મમતા ન રાખવી તે અકિંચન્ય ધર્મ છે.

**(૧૦) બ્રહ્મચર્ય :–** મન–વચન–કાયાથી નવવાડ સહિત સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રતનું પાલન તે બ્રહ્મચર્ય ધર્મ છે.

## બારભાવના

**पढम मणिच्च मसरणं, संसारो अेगयाय अण्णत्तं ।**
**असुइत्तं आसव संवरो अ तह निज्जरा नवमी ।।३०।।**

પ્રથમ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ,અન્યત્વ, અશુચિ, આશ્રવ, અનેસંવર તથા નવમી નિર્જરા ભાવના.

સંસારના સાચા સ્વરૂપને સમજાવનારી અને આત્મકલ્યાણના માર્ગને સુચવનારી બાર ભાવનાઓનું ચિંતન આત્માને કર્મોના આશ્રવથી બચાવે છે. તેથી તેનો સમાવેશ સંવર તત્વમાં થાય છે. આ બાર ભાવનાઓનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે મુજબ છે :–

**(૧) અનિત્ય ભાવના :–** સંસારમાં... આ વિશ્વમાં આ આંખથી જે દેખાય છે તે બધું જ અનિત્ય છે... નશ્વર છે... અશાશ્વત અને ક્ષણભંગુર છે. સત્તા... સંપત્તિ... સમૃદ્ધિ... સૌંદર્ય... ગાડી.. વાડી... લાડી... મહેલ... રૂપ... યૌવન... શરીર...સ્ત્રી.. પુત્ર પરિવાર... બધું જ નાશવંત છે. એનું ચિંતન... મનન આ વસ્તુ પ્રત્યેના મોહને ઘટાડનારું બને છે. તે અનિત્ય ભાવના છે.

**(૨) અશરણ ભાવના :–** જન્મ... જરા... અને મૃત્યુમય આ સંસારમાં સંકટ સમયે કે મૃત્યુ સમયે કોઇ શરણ આપી શકતું નથી. યમરાજના પંજામાંથી ન નોટોના બંડલ છોડવી શકે છે... ન તો સ્નેહી સ્વજન છોડાવી શકે છે... બધા ત્યાં લાચાર છે. એક માત્ર ધર્મજ શરણ આપવા સમર્થ છે... એનું ચિંતન જીવને સમાધિ મરણ અપાવવા સમર્થ બને છે. તે અશરણ ભાવના છે.

**(૩) સંસાર ભાવના :–** સંસાર સ્વાર્થમય... પાપ મય... દુઃખમય છે. સંસારમાં જન્મ દુઃખમય છે.... જરા વૃદ્ધાવસ્થા દુઃખમય છે... મરણ દુઃખમય છે... કાયા રોગથી ઘેરાય છે.... સબંધો સ્વાર્થથી ભરેલા છે... ડગલે પગલે સંસારમાં પાપ

કરવું પડે છે.. આવા ભયાનક સંસારના સ્વરૂપનું ચિંતન-મનન કરવાથી સંસાર પ્રત્યે વૈરાગ્યભાવ જાગે છે. આ સંસાર ભાવના છે.

**(૪) એકત્વ ભાવના :-** જીવ એકલો દુનિયામાં આવે છે... એકલો કર્મ બાંધે છે... એકલોજ કર્મના ફળ ભોગવે છે... એકલોજ દુનિયામાંથી વિદાય લે છે... આ દુનિયામાં આવીને મારૂં મારૂં કરીને ઘણું જ ભેગું કરે છે પણ કાંઇ જ એનું થતું નથી...કાંઇજ એની સાથે જતું નથી. બધું અહીંનું અહીંજ પડ્યું રહે છે. એનું ચિંતન એકત્વ ભાવના છે.

**(૫) અન્યત્વ ભાવના :-** હું આત્મા છું... આત્માથી દેહ જુદો છે... ઘર-પરિવાર-ફર્નિચર બધું જ આત્માથી પર છે... અન્ય છે. બાહ્ય સામગ્રી આત્માથી પર છે... કોઇ કોઇનું નથી... આવી વિચારણા... એવું ચિંતન તે અન્યત્વ ભાવના છે.

**(૬) અશુચિ ભાવના :-** બહારથી રૂડી - રૂપાળી દેખાતી કાયા અંદરથી મળ-મૂત્રથી ભરેલી છે. નગરની ગટરની જેમ તે અશુચિથી ભરેલી છે. હાડ-માંસ-રૂધિર-મેદ અને રસથી બનેલી આ કાયા ચામડીથી મઢેલી સારી દેખાય છે. પરંતુ અંદરથી જોતાં ભયાનક-બિભિત્સ લાગે... કાયાના અશુચિનું ચિંતવન તે અશુચિ ભાવના છે.

**(૭) આશ્રવ ભાવના :-** સંસાર અનાદિ કાળથી છે... અનંતકાળ સુધી ચાલવાનો છે.... એનું કારણ આશ્રવ છે. આશ્રવ દ્વારા સતત શુભ-અશુભ કર્મોનું આવવું ચાલુ જ છે. મિથ્યાત્વ અવિરતિ- કષાય અને પ્રમાદ એ કર્મબંધના કારણો છે. જેનાથી કર્મોનો પ્રવાહ આત્મામાં સતત વહેતો રહેછે. તેથી સંસારમાં જીવનું ભટકવું ચાલુ રહે છે. આવી રીતે સુખ-દુઃખનું કારણ આશ્રવ છે. એનું ચિંતન-વિચારણા તે આશ્રવ ભાવના છે.

**(૮) સંવર ભાવના:-** આશ્રવથી વિપરીત સંવર ભાવના છે. અનાદિથી આવતા કર્મના પ્રવાહને અટકાવવાનું કાર્ય સંવર કરે છે. કર્મને અટકાવવાના હેતુરૂપ સમ્યક્ત્વ, વિરતિ, સમિતિ, ગુપ્તિની આરાધના જીવનમાં આવશ્યક છે. એજ સંવરના સ્વરૂપનું ચિંતન-વિચારણા તેજ સંવર ભાવના છે.

**(૯) નિર્જરા ભાવના :-** કર્મનું આવવું આશ્રવ છે..કર્મનું આવવું અટકાવવું તે સંવર છે. તો અનાદિથી આત્મા સાથે જોડાયેલા કર્મને જુદા કરવા તે નિર્જરા છે. વિવિધ પ્રકારના તપથી કર્મની નિર્જરા થાય છે. છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપ કર્મની અંશે-અંશે નિર્જરા થાય છે એનું ચિંતન કરવું તે નિર્જરા ભાવના છે.

**लोग सहावो बोही, दुल्लहा धम्मस्स साहगा अरिहा ।**
**अेआओ भावणाओ, भावेअव्वा पयत्तेणं ।।३१।।**

લોકસ્વભાવ, બોધિ અને ધર્મના સાધક અરિહંતાદિક પણ દુર્લભ છે. એ ભાવનાઓ પ્રયત્ન પૂર્વક ભાવવી.

**(૧૦) લોકસ્વરૂપ ભાવના :-** આ લોક ૧૪ રાજલોક ઉંચુ છે... બે પગ પહોળા કરી કેડ ઉપર હાથ રાખી ઉભેલા મનુષ્ય જેવું છે. એમાં અધોલોક, તિર્છાલોક અને ઉર્દ્વલોક એમ ત્રણ લોક છે. અધોલોકમાં ૭ નારકી છે, તિર્છાલોકમાં મનુષ્ય અને તિર્યંચ છે, ઉર્દ્વલોકમાં દેવલોક છે. આ ચૌદરાજલોકમાં ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યો છે એમનું ચિંતન કરવું તથા સર્વ જીવોએ સર્વ સ્થાનોમાં અનંતા જન્મ-મરણ કર્યા છે એની વિચારણા કરવી તે લોકસ્વરૂપ ભાવના છે.

**(૧૧) બોધિ દુર્લભ ભાવના :-** અનાદિ કાળથી આ સંસારમાં પરિભ્રમણ કરતાં આ જીવને દુર્લભ એવું આર્યક્ષેત્ર... મનુષ્ય ભવ.. અને જિન શાસન મળ્યું પરંતુ એમાં અતિ દુર્લભ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થયું.. જો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો જ ભવભ્રમણ ટળે અને મોક્ષ મળે... સમ્યગ્ દર્શન અતિ દુર્લભ છે. એ મળે તો માનવભવ સફળ છે.... અતિદુર્લભ બોધિની વિચારણા-ચિંતન કરવું તે બોધિ-દુર્લભ ભાવના છે.

**(૧૨) ધર્મ ભાવના :-** આ વિશ્વના જીવોને દુઃખથી અને સંસારથી મુક્ત કરવાની તાકાત એક

માત્ર જિન પ્રણીત ધર્મમાં છે. આ ધર્મના ઉપદશેક અરિહંત પરમાત્માનો યોગ મળવો ઘણોજ કઠીન છે. જેટલા પણ જીવો મુક્તિને પામ્યા આ ધર્મથી પામ્યા... જેટલા મુકિત પામે છે અને જેટલા ભવિષ્યમાં મુક્તિ પામશે એ બધો જિન પ્રણીત ધર્મનોજ પ્રભાવ છે. આવા અતિ મુલ્યવાન ધર્મનું ચિંતવન કરવું તે જ ધર્મભાવના છે.

## ચારિત્ર

**सामाइ अत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।**
**परिहार विसुद्धी अं, सुहुमं तह संपरायं च ।।३२।।**

પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાનિક ચારિત્ર, પરિહાર વિશુદ્ધિ તેમજ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે.

ચારિત્ર શબ્દ બે શબ્દોના જોડાણથી બનેલ શબ્દ છે. – ચય + રિક્ત ચય એટલે આઠ કર્મોનો સંચય અને રિક્ત એટલે ખાલી કરવું. તેથી ચારિત્ર એટલે સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરી નિર્દોષ–નિષ્પાપ જીવનના સ્વામિ બનવું જેનાથી અનાદિના સંચય કરેલા કર્મોનોસંચય ખાલી થાય છે.

આવા ચારિત્રના અવસ્થા ભેદથી ૫ પ્રકાર જણાવ્યા છે–

**(૧) સામાયિક ચારિત્ર :–** સમ એટલે સમતા, આય એટલે આવક, સમતાની જેમાં આવક છે... સમતાનો જેમાં લાભ છે તે સામાયિક ચારિત્ર વર્તમાન કાળમાં જે દિક્ષાઓ થાય છે તેમાં લઘુ દીક્ષા આપવામાં આવે છે ત્યારે સામાયિક ચારિત્રનું ઉચ્ચારણ કરાવવામાં આવે છે. શુદ્ધિ પૂર્વક પવિત્ર પંચાચારનું પાલન કરવું તે સામાયિક ચારિત્ર છે.

**(૨) છેદોપસ્થાનિક ચારિત્ર :–** છેદ અને ઉપસ્થાપન બન્ને શબ્દો આ ચારિત્રનું રહસ્ય ખુલ્લું કરે છે. પૂર્વના ચારિત્રનો છેદ કરી પાંચ મહાવ્રતોની સ્થાપના કરવી કે ઉચ્ચરાવવું તે છેદોપસ્થાનિક ચારિત્ર છે. આ ચારિત્ર વર્તમાનમાં વડિ દીક્ષા વખતે ઉચ્ચરાવાય છે. મહાવ્રત ઘાત સમયે પ્રાયશ્ચિત રૂપે તથા તીર્થસંક્રાંતિરૂપે ઉચ્ચરાવાય છે.

**(૩) પરિહાર વિશુદ્ધિ ચારિત્ર :–** નવ સાધુઓ ગચ્છની બહાર નિકળી ૧૮ મહિના માટે પરિહાર કલ્પનો સ્વીકાર કરે. ૪ સાધુ ૬ મહિના તપ કરે, ૪ સાધુઓ વૈયાવચ્ચ કરે, એક સાધુ વાચનાચાર્ય થાય... પછી ૬ મહિના વૈયાવચ્ચ કરનારા તપ કરે, તપ કરનારા વૈયાવચ્ચ કરે એક વાચનાચાર્ય થાય... પછી ૬ મહિના વાચનાચાર્ય તપ કરે. ૧ થી ૭ સાધુ વૈયાવચ્ચ કરે એક વાચનાચાર્ય થાય. એવી રીતે ૧૮ મહિને પરિહાર કલ્પ પૂર્ણ થાય.

**(૪) સૂક્ષ્મ સંપરાય ચારિત્ર :–** દસમા ગુણસ્થાનકે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિમાંથી એક સૂક્ષ્મ સંજવલન લોભ વિના બધીજ પ્રકૃતિ ક્ષય અથવા ઉપમશ પામે છે. ફક્ત સૂક્ષ્મ સંજવલન લોભનો ઉદય વર્તે છે તે જીવને સૂક્ષ્મ સંપરાય કહેવાય છે.

**(૫) યથાખ્યાત ચારિત્ર :-**

**तत्तो अ अहख्खायं, खायं सव्वंमि जीव लोगम्मि ।**
**जं चरिऊण सुविहिआ, क्चंति अयरामरं ठाणं ।।३३।।**

પછી યથાખ્યાત એટલે સર્વ જીવલોકમાં ખ્યાત એટલે પ્રસિદ્ધ ચારિત્ર છે. જેને આચરીને સુવિહિતો મોક્ષ તરફ જાય છે.

યથા એટલે જિનાગમમાં અરિહંત પ્રભુએ જેવું...

ખ્યાત એટલે કહેલું છે તેવું...

આવું સંપૂર્ણ ચારિત્ર તે યથાખ્યાત ચારિત્ર છે.

કષાયોના સંપૂર્ણ ક્ષય અથવા ઉપશમ થવાથી આ અતિ વિશુદ્ધ–પવિત્ર ચારિત્ર પ્રાપ્તિ સાધુઓને થાય છે.

આ ચારિત્ર ૧૧, ૧૨, ૧૩, અને ૧૪ મા ગુણસ્થાનકે રહેલા વીતરાગને જ હોય છે.

આ ચારિત્ર જીવને નિશ્ચિત મોક્ષનગરીમાં પહોંચાડીને અજરામર સ્થાન આપે છે.

# તીર્થંકરોની જીવન યાત્રા

## (શાસનપતિ પ્રભુ મહાવીર)

કચ્છ કેસરી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

ગ્રીષ્મ ઋતુ.... આષાઢ મહિનો... સુદિ ૬ ની પાવન કારી રાત્રી...

સર્વ વિમાનોમાં અત્યંત શ્રેષ્ઠ...શ્વેત કમલ સમાન..મહાવિજયવંત, વીશ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા એવા દશમાં પ્રાણાત નામના દેવલોકના પુષ્પોત્તર નામના વિમાનથી દેવ આયુષ્ય પૂર્ણ થવાથી... દેવગતિ નામકર્મનો ક્ષય થવાથી... તથા વૈક્રિય શરીરમાં રહેવાનો સમય પૂર્ણ થવાથી ચ્યવા એટલે ભગવાન મહાવીરનો જીવ દેવસબંધી શરીરને ત્યજીને આ જંબુદ્વિપમાં... દક્ષિણાર્ધ ભરતમાં... બ્રાહ્મણકુંડ... ગામ નામના નગરમાં ઋષભદત્ત નામના બ્રાહ્મણની દેવાનંદા નામની બ્રાહ્મણી પત્નીના કુક્ષીમાં મધ્યરાત્રીએ ગર્ભ પણે ઉત્પન્ન થયા.

પ્રભુ જે રાત્રીએ દેવાનંદાની કુક્ષીમાં આવ્યા તે રાત્રીએ શય્યામાં નહીં અતિ નિદ્રાલેતી... નહીં જાગતી એવી અલ્પનિદ્રાવાળી દેવાનંદાએ પ્રસંશા યોગ્ય... સમૃદ્ધિને કરનારા, કલ્યાણકારી, ઉપદ્રવોને શાંત કરનારા ચૌદ સ્વપ્ન જોયા. (૧) હાથી (૨) બળદ (૩) સિંહ (૪) લક્ષ્મીદેવી (૫) પુષ્પમાળા (૬)ચંદ્ર (૭) સૂર્ય (૮) ધ્વજા (૯) કળશ (૧૦) પદ્મસરોવર (૧૧) ક્ષીરસમુદ્ર (૧૨) દેવવિમાન (૧૩) રત્નની રાશિ અને (૧૪) ધુમાડા વિનાનો અગ્નિ.

ચૌદ મહાસ્વપ્નો જોઇને દેવાનંદા બ્રાહ્મણી અત્યંત હર્ષ પામી... સંતુષ્ટ થઇ... મન આનંદ અને પ્રીતિયુક્ત થયું... સ્વપ્નો યાદ કરતી દેવાનંદા રાજહંસ જેવી ગતિથી ચાલતી જયાં ઋષભદત્ત બ્રાહ્મણ છે ત્યાં આવે છે. 'જય' અને 'વિજય' શબ્દોથી વધારે છે. બે હાથના દશ નખ એકઠા થાય એ રીતે અંજલી જોડી મસ્તક પર ભમાડી મસ્તક નમાવી દેવાનંદા બ્રાહ્મણી આ પ્રમાણે કહેવા લાગી– 'હે દેવાનુપ્રિય સ્વામિન્! હું આજે અર્ધનિદ્રા અવસ્થામાં શય્યાામાં હતી ત્યારે ઉદાર હાથી... બળદ... સિંહ... લક્ષ્મીદેવી વગેરે ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગી ગઇ છું. તો હે દેવાનુપ્રિય! એ ઉદાર કલ્યાણકારી એ ચૌદ મહાસ્વપ્નોનું શું કલ્યાણકારી ફળ અને વૃત્તિ વિશેષ થશે. તે કહો.''

પછી તે બ્રાહ્મણઋષભદત્ત, દેવાનંદાની પાસેથી ચૌદ મહાસ્વપ્નોની વાત જાણી... હૃદયમાં ધારીને અત્યંત હર્ષિત થયા... આહ્લાદિત થયા. પોતાની સ્વાભાવિક મતિ અને બુદ્ધિ વિજ્ઞાનથી તેસ્વપ્નના અર્થને વિચારીને દેવાનંદા બ્રાહ્મણીને આ પ્રમાણે કહે છે– 'હે દેવાનુપ્રિયે ! તેં મનોહર સ્વપ્નો જોયાં છે. કલ્યાણને કરનાર... આરોગ્યને કરનાર... સંતોષ અને દીર્ઘાયુ આપનાર... ઉપદ્રવોનો નાશ કરનાર અને ઈચ્છિત વસ્તુઓને પ્રાપ્ત કરાવનાર સ્વપ્નો તેં જોયા છે. તેથી હે દેવાનુપ્રિયે ! એ સ્વપ્ન દર્શનથી ધનનો લાભ, પુત્રનો લાભ, ભોગોનો લાભ અને સુખનો લાભ તમને થાશે. હે દેવાનુપ્રિયે ! તું નવ માસ અને સાડાસાત અહોરાત્રિ પૂર્ણ થયે પુત્રરત્નને જન્મ આપીશ.

આ તારો પુત્ર આઠ વર્ષનો થશે ત્યારે તેને ભૂતકાળ અને ભવિષ્યકાલનું જ્ઞાન પરિણમશે અનુક્રમે યુવાવસ્થાને પામશે ત્યારે ઋગ્વેદ,

યજુર્વેદ, સામવેદ, અર્થવેદ એ ચાર વેદ અને પાંચમા ઈતિહાસ પુરાણ તથા છઠ્ઠા નિઘંટુ શબ્દકોશનો અંગોપાંગઅને રહસ્ય સહિત પારગામી થશે.. સાંખ્ય, ગણિત, આચાર શાસ્ત્રોમાં નિપુણ હશે... વ્યાકરણ, કાવ્ય, ન્યાય, છંદ વ્યુત્પત્તિશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર અને બીજા પણ અનેક બ્રાહ્મણ સંબંધી, પરિવ્રાજક સબંધી શાસ્ત્રોમાં અતિ નિપુણ થાશે.

તેથી હે દેવાનુપ્રિયે દેવાનંદા ! તેં ઉત્તમ, કલ્યાણકારી, આરોગ્યકારી, દીર્ઘ આયુષ્યકારી, મંગલકારી એવાં મહાન સ્વપ્નો જોયાં છે એમ કહી ઋષભદત્ત બ્રાહ્મણ વારંવાર તેની અનુમોદના કરે છે.

દેવાનંદા સ્વામી પાસેથી સ્વપ્નનો અર્થ સાંભળી હર્ષિત થઈ... પ્રસન્ન થઈ. સ્વપ્નોના અર્થનો સ્વીકાર કરી ઋષભદત્ત બ્રાહ્મણની સાથે મનુષ્ય સબંધી ઉત્તમ ભોગોને ભોગવતી રહે છે.

■ ■ ■ ■

સૌધર્મ દેવલોકમાં...

સૌધર્મા વતંસક નામના વિમાનમાં...

સુધર્મા નામની સભામાં...

શક્રનામના સિંહાસન ઉપર બિરાજમાન છે સૌધર્મેન્દ્ર !

ઉત્તમ પ્રકારના વાર્જિંત્રના શબ્દો વડે દિવ્ય એવા દેવલોકના ભોગવવા યોગ્ય... અનુભવવા યોગ્ય વિષયોને અનુભવતા એવા ઈન્દ્ર લાખ યોજનના જંબુદ્વિપને જોઈ રહ્યા છે.

જંબુદ્વિપના દક્ષિણાર્ધ ભરત ક્ષેત્રના બ્રાહ્મણકુંડ ગ્રામ નામના નગરમાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં ચરમતીર્થપતિ ભગવાન શ્રી મહાવીરને ગર્ભપણે ઉત્પન્ન થયેલા નિહાળે છે.

પ્રભુને નિહાળતા હર્ષિત થયા... સંતુષ્ટ થયા. ચિત્તમાં આનંદિત થયા... મનમાં પ્રસન્ન થયા. પ્રભુને ગર્ભને વિષે આવેલા જોઈ પ્રભુદર્શન કરતાંજ ઈન્દ્ર આદરપૂર્વક ઉતાવળી ગતિથી એકદમ સિંહાસનથી ઉઠે છે... ઉઠીને પાદપીઠ ઉપર પગ મૂકીને નીચે ઉતરે છે... વિવિધ રત્નોવડે સુશોભિત પાદુકાને ઉતારીને... એક સાડી ઉત્તરાસંગ કરી અંજલિપૂર્વક બે હાથ જોડી શ્રી તીર્થંકર સન્મુખ સાત–આઠ પગ જાય છે... જઈ ને ડાબો ઢીંચણ ઉંચો કરે છે.. જમીનને અડાડ્યા વિના ઉભો રાખે છે... જમણા ઢિંચણને જમીનપર સ્થાપે છે અને પોતાનું મસ્તક ત્રણ વખત ભૂમિ પર અડાડીને ઉંચો થાય છે.... બે ભુજાઓને વાળીને બન્ને હાથની દસ આંગળીઓ સાથે મેળવીને અંજલી કરી મસ્તક ઉપર ભમાડીને ઈન્દ્ર અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરવા 'નમોત્થુણં' (શક્રસ્તવ) કહે છે.

ભગવાન મહાવીરને નમસ્કાર કરીને ઈન્દ્ર પૂર્વ સન્મુખ સિંહાસન ઉપર બેઠા ત્યારે મનમાં ચિંતન સ્વરૂપ વિચાર આવ્યો કે અરિહંતો, ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવો– શુદ્રકુલોમાં, અધમકુલોમાં, અલ્પકુલવાળા કુટુંબવાળા કુળોમાં, નિર્ધન કુળોમાં, લોભી કુળોમાં, ભિક્ષુક કુળોમાં, બ્રાહ્મણ કુળોમાં ક્યારેય જન્મતા નથી, પરંતુ નિશ્ચયથી ઉગ્ર કુલોનાં, ભોગ કુલોમાં, રાજ્યકુલોમાં, ઈક્ષ્વાકુ કુલોમાં, ક્ષત્રિય કુલોમાં, હરિવંશ કુલોમાં જન્મે છે.

ત્યારે પ્રભુજી બ્રાહ્મણ કુળમાં કેમ આવ્યા ?

અનંત ઉત્સર્પિણી...અવસર્પિણી પછી આવા આશ્ચર્યકારી પ્રસંગો બને છે. બાકી રહેલા નીચગોત્ર આદિ કર્મના ઉદયથી ઉત્તમ પુરુષો હિન કુળોમાં ગર્ભપણે આવે છે પરંતુ જન્મતા નથી. જયારે ઉત્તમ પુરુષો –નીચ કુળમાં આવે છે ત્યારે મારો આચાર કે તેમને નીચ કુળમાંથી ઉચ્ચ કુળમાં

મૂકવા. માટે મારે પણ આ પુણ્યકાર્ય કરવું જોઇએ. એમ વિચારીને પાયદળ સૈન્યના અધિપતિ હરિણગમેષિ દેવને બોલાવીને કહ્યું– 'હે દેવાનુપ્રિય હરિણગમેષિન્ ! તું શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુને આ જંબુદ્વિપના ભરત ક્ષેત્રના બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં જઇને ઋષભદત્ત બ્રાહ્મણની પત્ની દેવાનંદાની કુક્ષિમાંથી લઇને ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં જઇ ત્યાં સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલારાણીના ગર્ભપણે સ્થાપિત કર અને ત્રિશલા ક્ષત્રિયાણીના પુત્રીરૂપ ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાં મૂક. ઇન્દ્રોનો આ રીતે કરવાનો આચાર છે. તેથી તને આ રીતે કરવાનું કહેલ છે. તું જલ્દિથી આ કાર્ય કરી આવ અને કાર્ય કરી આવ્યાના મને સમાચાર આપ.

ઇન્દ્રનો આવો આદેશ સાંભળીને અત્યંત ખુશ થયેલા સેનાપતિ હરિણગમેષીદેવ તે ઇન્દ્રની આજ્ઞાને અંજલી જોડી મસ્તકે ભમાડી વિનયથી સ્વીકારીને ઇશાન ખુણામાં આવે છે. ત્યાં વૈક્રિય સમુદ્ઘાતથી પોતાના ઉત્તર વૈક્રિયશરીરને બનાવે છે. પવિત્ર પુદ્ગલના તે શરીરથી હરિણગમેષીદેવ પોતાની ઉત્કૃષ્ટી વેગવાળી, ચપળ,અત્યંત તીવ્ર, જયવાળી, પ્રચંડ, શીઘ્ર, વિઘ્નનાશિની એવી દિવ્યદેવગતિથી નીચે ઉતરતો ઉતરતો તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્રોના મધ્ય–મધ્ય ભાગોથી આવતો જ્યાં જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં બ્રાહ્મણકુંડ ગ્રામનગરમાં ઋષભદત્ત બ્રાહ્મણના ઘરમાં તેની પત્ની દેવાનંદા બ્રાહ્મણી છે ત્યાં આવીને પરિવાર સહિત દેવાનંદાને અવસ્વાપીની નિદ્રા આપીને પ્રભુને નમસ્કાર કરી, અપવિત્ર પુદ્ગલોને દૂર કરી, પવિત્ર પુદ્ગલોને ફેલાવે છે. પછી ''ભગવાન મને આજ્ઞા આપો.'' એમ કહી પીડારહિત એવા શ્રી વીર પ્રભુને પીડા ન થાય એ રીતે દિવ્ય પ્રભાવથી હાથમાં લઇને ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાના ઘરે ત્રિશલાક્ષત્રિયાણી પાસે આવી પરિવાર સહિત ત્રિશાલરાણીને અવસ્વાપિની નિદ્રા આપી, અશુભ પુદ્ગલોને દૂર કરી શુભ પુદ્ગલો ફેલાવી, સુગંધમય બનાવી પ્રભુને પીડા રહિત પણે દિવ્ય પ્રભાવથી ત્રિશલાના ઉદરમાં ગર્ભપણે સ્થાપિત કરે છે. અને ત્રિશલાના ગર્ભને લઇને દેવાનંદાના ગર્ભપણે સ્થાપિત કરે છે. પછી તે દેવ જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં જતો. સૌધર્મદેવલોકમાં સૌધર્મવતંસક વિમાનમાં શક્રસિંહાસન ઉપર દેવેન્દ્ર, દેવરાજા બેઠા હતા ત્યાં આવીને ઇન્દ્રને ''આપની આજ્ઞા પ્રમાણે હું કાર્ય કરી આવ્યો છું.'' એમ કહે છે.

જે રાતના પ્રભુ દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલાની કુક્ષિમાં સંહરાયા તે રાત્રિએ થોડી નિદ્રા લેતી એવી દેવાનંદાએ મનોહર, ધન્ય, કલ્યાણકારી, માંગલિક એવા ચૌદ મહાસ્વપ્નોને ત્રિશલા ક્ષત્રિયાણીએ હરણ કર્યા એવું સ્વપ્ન જોયું. તે રાત્રિએ ત્રિશલારાણીએ ચૌદ મહાસ્વપ્નો જોયા.

શ્રી ઋષભદેવની માતાએ પ્રથમ વૃષભ જોયો છે. મહાવીર પ્રભુની માતાએ પ્રથમ સિંહને જોયો છે. બીજા બધા તીર્થંકરોની માતાએ પ્રથમ સ્વપ્નમાં હાથી જોયો છે.

ત્રિશલારાણીએ પોતે જોયેલા સ્વપ્નની વાત સિદ્ધાર્થ રાજાને જણાવી. અને એનું મને શું ફળ મળશે? એમ પૂછ્યું.

સિદ્ધાર્થરાજાએ કહ્યું– ''હે દેવાનુપ્રિયે ! તેં કલ્યાણકારી ઉદાર સ્વપ્નો જોયા છે... તે ઉપદ્રવને હરનારા, ધનની પ્રાપ્તિ કરાવનારાં, શોભાવાળા, આરોગ્ય, ચિદાનંદ, દીર્ઘાયુ તેમજ કલ્યાણ મંગલ અને વાંછીત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર સ્વપ્નો જોયા છે. હે દેવાનુપ્રિયે ! નવમાસ અને સાડાસાત રાત્રિ દિવસ વ્યતીત થયે છતે શ્રેષ્ઠ પુત્રને તું જન્મ

આપીશ..'

બીજા દિવસે સ્વપ્ન પાઠકોને બોલાવી એમને સન્માની-સત્કારી એમને સ્વપ્ન ફળ પૂછ્યું. સ્વપ્ન પાઠકોએ કહ્યું- 'હે દેવાનુપ્રિય-સિદ્ધાર્થ રાજાન્ ! અમારા સ્વપ્ન શાસ્ત્રમાં બેંતાલીસ સ્વપ્નો મધ્યમ અને ત્રીશ સ્વપ્નો ઉત્તમ કહેલા છે. એ રીતે બહોંતેર સ્વપ્નો કહેલા છે. હે દેવાનુપ્રિય ! એ ત્રીશ મહાસ્વપ્નોમાંથી અરિહંત ગર્ભમાં આવે ત્યારે અરિહંતની માતાઓ અને ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે ચક્રવર્તીની માતાઓ હાથી, બળદ વગેરે ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગે છે. વાસુદેવ ગર્ભમાં આવે ત્યારે વાસુદેવની માતાઓ એ ચૌદ મહાસ્વપ્નમાંથી સાત સ્વપ્નો જોઇને જાગેછે. બળદેવની માતાઓ ચૌદમાંથી ચાર મહાસ્વપ્નોને જોઇને જાગે છે. માંડલિક રાજાની માતાઓ એક એક મહાસ્વપ્ન જુએ છે..

તીર્થંકરની માતા જે ચૌદ મહાસ્વપ્નોને જોઇને જાગે છે તેજ ચૌદ સ્વપ્ન ત્રિશલારાણીએ જોયા છે.

પ્રથમ સ્વપ્નમાં ચાર દંતશુળવાળો હાથી દિઠો છે. તેથી મહારાણીને મહા પરાક્રમી તથા દાન-શીલ-તપ- ભાવ રૂપ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરનાર પુત્રરત્ન થશે.

બીજા સ્વપ્નમાં ઋષભ જોયો છે, તેથી ધર્મધોરી પુત્ર થાશે. તે જેમ ખેડુતો ક્ષેત્રમાં બળદથી ધાન્યનું બીજ વાવે છે તેમ આ ભરત ક્ષેત્રમાં બોધીબીજને વાવશે.

ત્રીજા સ્વપ્નમાં સિંહ જોયો છે. તેથી કામદેવ આદિ દુષ્ટ હાથીઓને ભગાડી મૂકશે.

ચોથે સ્વપ્ને લક્ષ્મીદેવીને જોયેલ છે, તેથી વરસીદાન આપી દીક્ષા લઇ કેવળજ્ઞાન રૂપ લક્ષ્મીને પામીને તીર્થંકર બની આઠ પ્રાતિહાર્યાદિ મહાલક્ષ્મીને ભોગવશે.

પાંચમે સ્વપ્ને પુષ્પોની બે માળાઓ જોઇ છે તેથી સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ એ બે પ્રકારનો ધર્મ કહેશે, અને ત્રણ ભુવનમાં પૂજાશે

છઠ્ઠા સ્વપ્નમાં ચંદ્રમાં જોયો છે તેથી મનોહર દર્શનવાળો, શાન્ત પ્રકૃતિવાળો થાશે અને ત્રણ ભુવનના જીવોને હર્ષ પમાડનાર થાશે.

સાતમા સ્વપ્નમાં સૂર્ય દીઠો છે, તેથી જીવોના મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર અને ભામંડલથી વિભૂષિત થાશે.

આઠમા સ્વપ્નમાં ધ્વજ જોયો છે તેથી કુલમાં ધ્વજ સમાન શ્રેષ્ઠ થાશે, તથા એની આગળ ધર્મધ્વજ ચાલશે.

નવમા સ્વપ્નમાં પૂર્ણકલશને જોયો છે તેથી સમગ્ર ગુણવાલો થશે, અને ધર્મરૂપ મહેલને સ્થિર કરશે.

દશમાં સ્વપ્નમાં પદ્મ સરોવર જોયું છે, તેથી જગતના તાપનો નાશ કરનાર થશે. તથા દેવોએ રચેલ સુવર્ણના કમલ ઉપર પગ મૂકીને ચાલનાર થાશે.

અગિયારમા સ્વપ્નમાં સમુદ્ર દીઠો તેથી ગંભીર થાશે. અને કેવલ જ્ઞાન પામીને ચૌદરાજ લોકમાં રહેલા પદાર્થોના ભાવોને જાણશે.

બારમા સ્વપ્નમાં દેવવિમાન જોયું છે તેથી ભુવનપતિ, વ્યંતર, જયોતિષી અને દેવલોક સુધીના વૈમાનિક દેવોને પૂજવા યોગ્ય તથા સેવા કરવા યોગ્ય થાશે, તથા નવગ્રૈવેયક અને પાંચ અનુત્તરવાસી દેવોને આરાધવા યોગ્ય થાશે.

તેરમા સ્વપ્નમાં રત્નરાશિ જોયો છે. તેથી દેવોએ રચેલ ત્રણ ગઢવાળા સમવસરણમાં વિરાજિત થાશે, અને ભવીજીવોને ધર્મોપદેશ આપશે.

ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિ જોયો છે તેથી તેજસ્વી અને પોતાના આત્માની શુદ્ધિ કરનાર થાશે તથા ભવિજીવોને શુદ્ધ કરનાર થાશે, ચૌદે મહાસ્વપ્નોનું એકઠું ફલતો ચૌદરાજલોકનો સ્વામી થાશે, ચૌદરાજલોકના અગ્રસ્થાનમાં રહેલ મોક્ષ સ્થાનને પ્રાપ્ત કરશે.

હે દેવાનુપ્રિય રાજન્ ! આ પ્રમાણેના ફલને આપનારા એવા ચૌદ મહાસ્વપ્નોને ત્રિશલા મહારાણીએ જોયાં છે, તેથી તમને ધનનો લાભ થશે, સુખનો લાભ થશે, ભોગોનો લાભ થશે, પુત્રનો લાભ થાશે, રાજયનો લાભ થશે.

જે રાતે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ જ્ઞાતકુલમાં સંહરાયા તેરાતથી આરંભીને તે જ્ઞાતકુલ રૂપાથી અને સુવર્ણથી વૃદ્ધિ પામવા લાગ્યું, તથા ગણિમાદિ ચાર પ્રકારના દ્રવ્યથી અતિ ઘણું વૃદ્ધિ પામ્યું. એથી શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુના માતા પિતાના મનમાં આ પ્રકારે વિચાર ચિંતવન અભિલાષરૂપ મનમાં રહેલો ભાવ ઉત્પન્ન થયો કે ''જયારથી અમારો આ પુત્ર ગર્ભપણે આવેલ છે, ત્યારથી અમે રૂપાથી વૃદ્ધિ પામ્યાં છીએ, સોનાથી વૃદ્ધિ પામ્યાં છીએ, તથા ધનથી, ધાન્યથી રાજયથી, દેશથી, બળથી, વાહનથી, ધાન્યના ભંડારથી, નગરથી, રત્ન, મણિ, મુક્તાફલ, શંખ, સ્ફટિક, પ્રવાલ વગેરેથી વૃદ્ધિ પામ્યા છીએ, તેમજ વિદ્યમાન એવા શ્રેષ્ઠ દ્રવ્યથી, તથા સ્વજનોના પ્રીતિ સત્કારથી અતિશય વૃદ્ધિ પામ્યાં છીએ. તેથી અમારો આ બાળક જન્મ પામશે, ત્યારે અમે આ બાળકનું વૃદ્ધિ પામવાને યોગ્ય ગુણવાળું ''વર્ધમાન''એવું નામ રાખશું.''

હવે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવ માતા તરફ પોતાની ભક્તિ બતાવવા માટે અને માતૃભક્તિનું પ્રેરક દષ્ટાન્ત આપવા માટે ''હું જયારે ગર્ભમાં હાલુ ચાલું છું ત્યારે માતાને જરૂર કષ્ટ થતું હશે.''એ રીતનો વિચાર કરી પ્રભુ ગર્ભમાં નિશ્ચળ થયા. હલન, ચલન, કંપન તજીને અંગોપાંગોને ગુપ્ત રાખીને રહ્યાં, પ્રભુ ગર્ભમાં નિશ્ચળ થવાથી ત્રિશલારાણીને એવો વિચાર ઉત્પન્ન થયો કે શું મારો ગર્ભ દેવાદિથી હરણ કરાયો ? અથવા શું મારો ગર્ભ મરણ પામ્યો ? શું તે ગર્ભ ચ્યવી ગયો ? શું તે ગર્ભ ગળી ગયો ? કારણ કે તે ગર્ભ પહેલાં મારા ઉદરમાં ફરકતો હતો અને હમણાં તે ગર્ભ ફરકતો નથી. એવા વિચારોથી નિરાશ પામેલા મનોરથવાળી તથા ગર્ભહરણની ચિંતાથી શોક સમુદ્રમાંડૂબેલી તથા હથેળીમાં મુખ સ્થાપીને બેઠેલી, તથા આર્તધ્યાનગ્રસ્ત બનેલી તે ત્રિશલારાણી નીચા નેત્ર રાખીને પૃથ્વી સન્મુખ જોતી છતી આ પ્રમાણે વિચારે છે, કે અરે ! હું ભાગ્ય વિનાની છું. ભાગ્ય હીન એવા અમારે ત્યાં એવાં નિધાન પ્રગટ ક્યાંથી થાય ? દરિદ્રના હાથમાં ચિન્તામણી રત્ન ક્યાંથી રહે ? અરે ! દૈવ તને ધિક્કાર થાઓ. તેં મારા મનોરથરૂપ કલ્પવૃક્ષને ઉખેડી નાખેલ છે. તેં મને મેરૂપર્વત ઉપર ચડાવીને નીચે ફેંકી દીધી છે, તેં મને રત્નોનો ખજાનો આપીને ઝૂંટવી લીધો છે, ભોજનનો થાળ આપીને ખેંચી લીધો છે, મારું વહાણ ભર દરિયામાં ડુબાડી દીધું છે, હે દૈવ! તેં મારા ત્રિલોકનાથ પુત્રરત્નને હરી લીધું છે, તેથી તું અતિશય નિર્દય છે, અત્યંત નિર્લજ્જ છે. આવા દૈવને ઓલંભા આપીને વળી વિચારે છે કે દૈવને ઓલંભા આપવાથી શું ? અરે જીવ ! તેં પૂર્વભવોમાં તીવ્ર પાપ કર્યાં હશે, ધાવતા એવા બાળકોને અને વાછરડાંઓને માતાથી વિયોગી બનાવ્યાં હશે, વૃક્ષની ડાળીઓ ભાંગીહશે, ઉંદરોનાં દર પાણીથી પૂરી દીધા હશે, કીડીઓ વગેરેનાં દરો ઉના પાણીથી ભરી દીધા હશે, પક્ષીઓનાં ઇંડા ફોડ્યા હશે, અથવા બચ્ચાંઓ સહિત પક્ષીઓના માળા જમીન પર ફેંકી દીધા હશે,

પક્ષીઓને બચ્ચાથી વિયોગિત કર્યા હશે. અથવા પૂર્વે બાલહત્યા કરી હશે, ગર્ભ પડાવ્યા હશે, શોકના પુત્રાદિ માટે મંત્રો ઔષધોના પ્રયોગ કર્યા હશે, કામણ કર્યાં હશે, ગર્ભના સ્તંભન કર્યા હશે, તળાવો ફોડાવ્યા હશે, અણગળ પાણી પીધા હશે, પક્ષીઓને પાંજરામાં નાખ્યાં હશે, શિકાર કીધા હશે, પ્રાણીઓની હિંસા કીધી હશે, અસત્ય બોલી બીજાને ઠગ્યા હશે, બીજાના રત્ન, સુવર્ણ ધન વગેરે લૂંટયા હશે, શીલવ્રત ભાંગ્યા હશે, કોઇના શીલ ભંગાવ્યાં હશે, કોઇને કુડાઆલ દીધાં હશે. શાપ દીધા હશે, મુનિઓને સંતાપ્યા હશે, ગામોને બાળ્યા હશે, જંગલમાં દાવાગ્નિ લગાવ્યા હશે, દેવ દ્રવ્ય ભક્ષણ કરેલ હશે. જિનમંદિર પાડ્યાં હશે. ગુરુઓનાં અવર્ણવાદ બોલ્યા હશે. દેવગુરુ ધર્મ ઉપર દ્વેષ કર્યો હશે. કોઇને દાન દેતા નિવાર્યા હશે. અભક્ષ્ય ભક્ષણ કર્યાં હશે, આવાં અનેક પાપો મારા જીવે પૂર્વ ભવમાં કર્યા હશે, તે હમણાં મને ઉદયમાં આવ્યા છે. તેથી મારો ગર્ભરત્ન ગળી ગયો છે. આ કારણે મારા દુઃખનો કોઇ પાર નથી. હે સખીઓ ! હું સમજતી હતી કે મેં ચૌદસ્વપ્નોં જોયા છે, તેથી હું ચૌદરાજલોક પૂજિત એવા પુત્ર રત્નને પામીશ. પરંતુ મારા એ મનોરથો મનમાંજ રહી ગયા, દૈવે એક મનોરથ પૂર્ણ થવા દીધો નહીં. અરે હવે હું શું કરૂં, ક્યાં જાઉં કોની પાસે આ ફરીયાદ કરૂં, આ સંસારના અસારપણાને ધિક્કાર થાઓ.

આ વખતે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુએ પોતાની માતાના મનમાં ઉત્પન્ન થયેલ આવા પ્રકારના વિચાર–મનોગત ભાવ–અવધિજ્ઞાનવડે જાણીને વિચાર્યું, કે ‘‘અહો ! આ મોહરાજાની ગતિ વિચિત્ર છે. મેં માતાના સુખ માટે હલન ચલન નિવાર્યું, પરંતુ મારું એ કર્તવ્ય માતાના સુખને બદલે દુઃખરૂપ બની ગયું. હવે માતાના આ દુઃખને દૂર કરવા માટે હલન ચલન કરવું જોઇએ. એમ વિચારીને પ્રભુએ પોતાનું એક અંગ ફરકાવ્યું, ગર્ભના અંગના હલન–ચલનથી ત્રિશલારાણી રાજી રાજી થઇ ગયાં, અને અત્યંત આનંદિત થઇને કહેવા લાગ્યાં કે મારા ગર્ભનું કોઇએ હરણ કરેલ નથી. મારો ગર્ભ મરી ગયેલ નથી. ચ્યવી ગયેલ નથી. ગળી ગયેલ પણ નથી. એ મારો ગર્ભ હમણાં થોડો સમય ફરકતો બંધ થયેલો તે હમણાં વળી ફરકતો થઇ ગયેલ છે. એ રીતે કહીને અત્યંત હર્ષ પૂર્ણ હૃદયવાળા થઇ ફરી કહેવા લાગ્યા કે મારા ગર્ભને તદ્દન કુશળ છે, હજી મારા ભાગ્ય જાગે છે, હું ત્રણ લોકમાં માનનીય પુત્રને પામીને ત્રણ લોકમાં માનનીય થઇશ. મારું જીવન ધન્ય અને સાર્થક બની જશે.

અવધિજ્ઞાન ધરાવતા હોવાથી પોતાના દીક્ષા કાલને જાણનારા પ્રભુએ આવો અભિગ્રહ લઇને એવો સિદ્ધાન્ત નથી સ્થાપ્યો કે જયાં સુધી માતાપિતા જીવતાં હોય ત્યાં સુધી કોઇએ પણ દીક્ષા લેવી નહીં, કારણ કે પ્રભુએ કેવલજ્ઞાન પામીને મા, બાપ, જીવતા હોય, તેણે દીક્ષા લેવી નહીં એવું ક્યારે પણ કહેલ નથી. પરંતુ જેમના માતાપિતા જીવતાં હતાં એવા ઘણા આત્માઓને દીક્ષા આપી છે. વળી જો એવો શાસ્ત્રીય નિયમ જ હોય તો શ્રી મહાવીરદેવ સિવાયના ઘણાં તીર્થંકરોએ માતાપિતા જીવતા હોવા છતાં દીક્ષા કેમ લીધી ? આ ચોવીસીમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ પ્રભુએ દીક્ષા લીધી તેથી માતા મરૂદેવાએ લગભગ હજાર વર્ષ સુધી રડી રડીને આંખોનું તેજ ગુમાવ્યું. નેમિનાથ પ્રભુને માતાપિતાએ પરણવા માટે ઘણું સમજાવ્યું છતાં તેમના જીવતાં જ દીક્ષા લઇ ગયા, આવું બધું વિચારીને માતાપિતા જીવતાં હોય ત્યાં સુધી દીક્ષા લેવી ન જોઇએ, એવું બોલવું કે માનવું નહીં.

પછી તે ત્રિશલારાણી સ્નાન અને પૂજા કરી

કૌતુકમાંગલ્ય કરી સર્વ પ્રકારના અલંકારોથી સુશોભિત થઇને રહેવા લાગી, તથા પોતાના તે ઉત્તમ ગર્ભને નહિ અતિ ઠંડા, નહિ અતિ ગરમ, નહિ અતિ મરચા મરિ સુંઠ વગેરેથી તિખા–નહિ અતિ કડવા, નહિ અતિ કષાયેલા, નહિ અતિ ખાટા, નહિ અતિ મીઠા, નહિ અતિ ચીકણા, નહિ અતિ લુખા, નહિ અતિ લીલા, નહિ અતિ સૂકા, પરંતુ સર્વ ઋતુઓમાં સેવવાથી સુખકારી એવા પ્રકારના ભોજનથી, વસ્ત્રોથી, સુગંધીપદાર્થોથી, માળાઓથી, ગર્ભનું પોષણ કરે છે. તથા રોગ, શોક, મોહ, અને પરિશ્રમથી, રહિત એવી રાણી ત્રિશલા ગર્ભને હિતકારી, પ્રમાણયુક્ત આરોગ્યકારક, પુષ્ટિકારક એવા આહારને પણ યોગ્ય અવસરે વાપરતી, તથા દોષરહિત એવી કોમલ શય્યા આસનનો ઉપયોગ કરતી, તેમજ અત્યંત સુખ કરનારી અને મનને અનુકૂલ એવી ભૂમિમાં, હરતી ફરતી છતી ગર્ભ પોષણ કરવા લાગી. હવે ચૈત્ર સુદિ તેરસનાં દિવસે ત્રિશલારાણીના એ ઉત્તમ ગર્ભને નવ માસ અને સાડાસાત દિવસ વીતી ગયા.

હવે જયારે ચંદ્ર, સૂર્યાદિ સર્વેગ્રહો ઉચ્ચસ્થાનમાં વર્તતા હતા, સર્વત્ર સૌમ્યભાવ, શાંતિ અને પ્રકાશ વિકસિત થઇ રહ્યાં હતાં, અંધકાર નાશ પામી ગયો હતો, ઉલ્કાપાત, રજો વૃષ્ટિ, ધરતીકંપ અને દિગ્દાહ જેવા ઉપદ્રવોનો અત્યંત અભાવ થઇ ગયો હતો, દિશાઓના અંત ભાગ સુધી વિશુદ્ધિ અને નિર્મળતા છવાઇ ગઇ હતી સર્વ પક્ષીઓ પોતાના મીઠા મધુરા શબ્દ વડે જાણે જય જય શબ્દનો ઉચ્ચાર કરી રહ્યા હતા, દક્ષિણ દિશાનો સુગંધી અને શીતલપવન મંદ મંદ રીતે ભૂમિને સ્પર્શ કરી રહ્યો હતો તથાસર્વ પ્રકારના ધાન્યાદિ પાકથી પૃથ્વી ભરેલી હતી, તેમજ સુકાળ આરોગ્યાદિ અનુકૂળ સંજોગોથી દેશવાસી લોકોના હૃદયો હર્ષથી નાચી રહ્યા હતા અને વસંતોત્સવાદિ ક્રીડા દેશભરમાં ચાલતી હતી, આવો સમય પ્રવર્તતો હતો, ત્યારે મધ્યરાત્રીને વિષે ઉત્તરા ફલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયે છતે, તે સમયે મધ્ય રાત્રિએ ત્રિશલારાણીએ પુત્રને જન્મ આપ્યો. મહાવીર પ્રભુનો જન્મ થયો'' જય મહાવીર

